શ્રી ગણેશાય નમ:　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　શ્રી હાટકેશામ્બિકાભ્યામ નમ:

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર

# નાગર મંજૂષા

*आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः*

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

ઓગસ્ટ, ૨૦૧૭
For private circulation

## વેદથી WEB સુધી



'નાગર મંજૂષા' પ્રગટ કરવા થતા ખર્ચને પહોંચી વળવા સ્થાનસમર્પણ યોજના શરુ કરવાનું વિચાર્યું છે. સ્વજનની સ્મૃતિ કાયમ રાખવા, મિત્ર કે કુટુંબીજનને જન્મદિવસ/લગ્નદિવસની શુભેચ્છા પાઠવવા તેમજ કોઈ સિદ્ધી સફળતા મેળવવા બદલનો હરખ વ્યક્ત કરવા પાનાની નીચેના હિસ્સામાં નોંધ મૂકાશે. ઉપરના ભાગમાં જીવનને સુરભિત કરી દે એવાં વિચાર-મોતીઓ, ગદ્યખંડ કે કાવ્યપંક્તિ મૂકાશે. વડનગરા નાગર સમાજની કલા, સાહિત્ય અને સંસ્કારપ્રીતિનું પ્રતિબિંબ એમાં ઝિલાશે. એ માટે અનુદાન નીચે મુજબ રહેશે.

બીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
ત્રીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
છેલ્લું કવર પેજ (રંગીન) રૂા. ૫૦૦૦
અંદરના પાના (બ્લેક એન્ડ વ્હાઇટ) રૂા. ૩૦૦૦

યોજનાનો લાભ લેવા તંત્રીઓ શ્રીમતી દીના વછરાજાની અને શ્રીમતી સુહાની દીક્ષિતનો સંપર્ક કરવો.

રજી. ઓ. : એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ,
ગ્રાન્ટ રોડ (પૂર્વ), મુંબઇ - ૪૦૦૦૦૭
website : www.shrivadnagaranagar.org

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧) | તંત્રીસ્થાનેથી | નેહા યાજ્ઞિક (અતિથિ તંત્રી) | ૧ |
| ૨) | જીવનપથ (નિયમિત કટાર) | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૨ |
| ૩) | યુગ પરિવર્તન | વિશાખા પોટા | ૩ |
| ૪) | પ્રાચીન જ્ઞાનનો નવીન અનુભવ | નેહલ વૈષ્ણવ | ૬ |
| ૫) | સ્વૈરવિહારી આશા | દીના વછરાજાની | ૮ |
| ૬) | યુગાંતર | સુહાની દીક્ષિત | ૧૧ |
| ૭) | ''ભેદ-વેદથી વેબ'' (સંગીત) | નેહા આચાર્ય | ૧૩ |
| ૮) | ''વેદ'' થી ''વેબ'' સુધી | નેહા મહેતા | ૧૫ |
| ૯) | શું મેળવ્યું, શું ખોયું ? | દીનેશ બુચ | ૧૬ |
| ૧૦) | વેદથી Web | ભદ્રાયુ વૈષ્ણવ | ૧૯ |
| ૧૧) | ઘર વાપસી | અચલા વોરા | ૨૧ |
| ૧૨) | પૂજા-વિધિ અને તર્કસંગતતા | ચેતના મહેતા | ૨૪ |
| ૧૩) | વેદકાલીન કલા સંસ્કૃતિનો આરંભિક યુગઃ હડપ્પન સંસ્કૃતિના સંદર્ભમાં | નરેશ અંતાણી | ૨૯ |
| ૧૪) | વેદથી વેદ, વાયા વેબ (વિશેષ આભાર) | જયદેવ માંકડ | ૩૬ |
| ૧૫) | 'વેદથી વેબ સુધી | ભારવી વૈદ્ય | ૩૮ |



ટીમ નાગરમંજૂષા

દીના વછરાજાની, નેહા યાજ્ઞિક, ભદ્રાયુ વૈષ્ણવ તથા સુહાની દીક્ષિત

વિશેષ આમંત્રિત

ડૉ. ભદ્રાયુ વછરાજાની

# તંત્રી સ્થાનેથી

''કલ આજ ઔર કલ''
ઓળી ઝોળી પીપળ પાન,
સૌએ પાડ્યું 'નાગર મંજૂષા' નામ.

પ્રિય જનો,

'નાગરમંજૂષા'નો 'વેદથી વેબ સુધી' વિશેષાંક જ્યારે આપના હાથમાં આવશે ત્યારે નાગર મંજૂષા એની પાંચમી વર્ષગાંઠ ઊજવી ચૂક્યું હશે. હજી ગઈકાલની જ વાત જાણે. પ્રથમ અંક હાથમાં લીધાનો આનંદ યથાતથ રહ્યો છે. આપ સૌનું લાડકું નાગર મંજૂષા જોતજોતામાં પાંચ વર્ષનું થયું. એમાં ટીમ નાગર મંજૂષાની મહેનત તો ખરી જ પણ એનો ઉછેર તો આપની લાગણીના સિંચન થકી જ થયો છે. જેમ બી રોપાય, યોગ્ય ખાતર-પાણી મળે, માવજત થાય ત્યારે જ એ બી અંકુરિત થઈ એમાંથી સુંદર છોડ, છોડમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી વટવૃક્ષ બને છે તેમા આપણું 'નાગર મંજૂષા' છોડમાંથી ધીમે ધીમે વૃક્ષ તરફ વિકાસ પામી રહ્યું છે. આપ સૌએ સતત અમને હૂંફ અને પ્રેમ આપી અમારાં જોમ અને જુસ્સાને ટકાવી રાખ્યો છે તે બદલ 'આભાર' બહુ નાનો શબ્દ ગણાશે.

સતત નવું કરવા પ્રયત્નશીલ ટીમ નાગર મંજૂષાના આ પ્રયાસને આપ બિરદાવશો એ તો ખરું જ જાણે, પણ આવા ગહન વિષય ઉપર જેમણે એમની કલમ વડે યોગદાન આપ્યું છે એ સૌને સલામ. વિષય વિશેની થોડી વાત કરીએ તે પહેલાં દૂતો દ્વારા સંદેશાઓની આપ-લે થતી, કબૂતરના પગે દોરીમાં ચિઠ્ઠી બાંધી મોકલાતી જેનું ઉત્તરોત્તર સ્થાન પોસ્ટ કાર્ડ વ.એ લીધું અને એ પરિવર્તન છેક ઈ-મેલ, વોટ્સ અપ, ફેસબુક, ટ્વીટર સુધી પહોંચ્યું. એક મજાની વાત કહું તો કવિ કાલિદાસે જ્યારે 'આષાઢસ્ય પ્રથમ દિવસે' 'મેઘદૂત'ની રચના કરી ત્યારે એમને સ્વપ્નેય કલ્પના નહીં કરી હોય કે આ કલ્પના હકીકત બની જશે. એ અવકાશી દૂતોનું બદલાયેલું સ્વરૂપ એટલે આજના સેટેલાઈટ સંદેશવ્યવહાર. પરંતુ મૂળ વાત તો એકબીજા સાથે જોડાયેલા રહેવાની જ ને? તો માત્ર બદલાયેલા સ્વરૂપ વિશે ઊહાપોહ કરવાને બદલે આપણે એ વાતનો આનંદ લેવો જોઈએ કે આપણી યુવા પેઢી પણ આપણાં મૂળિયાં સાથે જોડાયેલી છે જ. વેદની માહિતી ટચ સ્ક્રીનમાં મળતી હોય તો એમાં ખોટું શું છે?

અને અંતમાં માત્ર એટલું જ કહેવાનું કે માત્ર રંગ-રૂપ બદલાયા છે બીજું કંઈ નહીં. જો કલ થા વોહી આજ ભી હૈ ઔર કલ ભી રહેગા બરાબરને?

અતિથિ તંત્રી
**નેહા યાજ્ઞિક**

---

**વાચકોને...**

શું આપ નાગર મંજૂષામાં પોતાની કૃતિ/લેખ/રચના મોકલવા ઇચ્છો છો? તો...

૧. જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી કે પોતાની કૃતિ સુઘડ અને સુવાચ્ય અક્ષરોમાં કોરા કાગળની એક બાજુએ લખી મોકલવી.
૨. કૃતિ મોકલનારે પોતાનું નામ, સરનામું, ઉંમર તથા ફોન નંબર કૃતિની નીચે જરૂરથી લખી મોકલવા વિનંતી
૩. કૃતિની પસંદગી તથા સંકલનની જવાબદારી સંપૂર્ણપણે તંત્રીની રહેશે.
૪. કૃતિ મોકલવાનું સરનામું :

**સુહાની દીક્ષિત**
સી-૧/૭૦૩, કેસર કૉ. ઑ. સોસાયટી, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.
ફોન : ૯૮૨૧૩૧૮૯૦૫ / ૦૨૨ - ૨૮૬૯૨૧૫૦ ઈમેલ : editor@shrivadnagaranagar.org

**દીના વછરાજાની**
બી-હાર્મની, ચારકોપ વિલેજ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭.
ફોન : ૦૨૨ - ૨૮૬૮૨૨૯૭ ઈમેલ : editor@shrivadnagaranagar.org

DISCLAIMER : **આ સામાયિકમાં પ્રકાશિત દરેક લખાણની જવાબદારી લેખકની પોતાની રહેશે.**

## જીવનપથ (નિયમિત કટાર)

# નાનીમા,.. તુઝે સલામ...

સમય વીતતો ગયો એમ મોસાળ ધીમે ધીમે સદ્ધર થતું ગયું. આપણે પણ મોટા થયા, પરીક્ષાઓના કોઠાઓ ભેદી પદવીઓ મેળવી નોકરી ધંધે લાગ્યા. મોસાળ હવે પડ્યા-પાથર્યા રહેવાનું સ્થાનક ન રહ્યું, પણ ફ્લાઈંગ વિઝિટનું સ્થળ બની ગયું! જોકે, ગમે તેવી ભાગાભાગ હોય, સમયની મારામારી હોય, પણ ઘરમાંથી સ્કૂટર નીકળે તો કોણ જાણે કેમ પહેલાં તો નાનીમાના ઓટલે જઈને જ ઊભું રહે.. અને પગ ઠેકડા મારતાને વૃદ્ધ કરચલીવાળાં વહાલાં નાનીમાની બાજુમાં હિંચકે ગોઠવાય, પલાંઠી મારે ત્યારે હાશકારો થાય. નાનીમા ડગુંમગું કરતાં ઊઠે, રસોડામાં જાય અને નાની વાટકીમાં કશુંક ખાવાનું લાવે. દસમાંથી આઠ વાર તો એ વાટકીમાં મમરા જ હોય! એ મમરાનો લગાવ એટલો જબરો છે કે આજે વજન ઘટાડવા ભાત છોડું છું, પણ મમરા નથી છોડી શકતો. સાંજે ચા સાથે મમરાની વાટકી પત્ની હાથમાં પકડાવે છે ત્યારે તેમાં નાનીમા તાદશ્ય થાય છે! નાનીમાની સંવેદના એવી દિવ્ય છે કે તેમની હાજરી જ કાફી બની રહેતી. મામાઓ ઉગ્ર વિવાદમાં ઊતરે ત્યારે કોઈ માસી જઈને કહે કે : 'તમે ઝઘડો છો તે નાનીમાને ખબર પડશે તો તે દુઃખી થશે', ...બસ આ વાત પર હથિયારો મ્યાન થતાં મેં જોયાં છે... પણ આ જ નાનીમાની ભારે ટીખળ કરવાનો પરવાનો હું ધરાવતો. હું પરણવાની કરી કહેતો : 'નાનીમા, હું એવી છોકરીને પરણીશ કે જે તમારી જેમ લાજ નહીં કાઢે, પણ સૌની હાજરીમાં તમારી સાથે વાતોના તડાકા મારશે...' થયું પણ એવું જ. મેં પ્રેમલગ્ન કર્યાં. ચોવીસ કલાકમાં બધું ગોઠવી ટૂંકામાં ટૂકી વિધિથી મારે લગ્ન કરવા પડ્યાં. આગલી રાતે નાનીમા પાસે ગયો, હિંચકે બેસી કહ્યું, 'નાનીમા, હું કાલે પરણું છું, મારાથી ચાર વર્ષ મોટી છોકરી સાથે. તેના વડીલોની સંમતિ નથી, તેથી ભાગીને પરણવું પડશે, પણ તમે આવશો તો જ પરણીશ. કાલે સવારે આઠ વાગે તમને રિક્ષામાં લઈ જઈશ, તૈયાર રહેજો.' હું તો ફરમાન કરીને ભાગ્યો, પણ ભારે કડક અને ભારોભાર રૂઢિચુસ્ત મારા નાનાબાપુને સમજાવવાનું કપરું કામ નાનીમાએ કરવાનું હતું! આખી રાત ચર્ચા ચાલી કારણ નાનીમાએ પોતાને બહાર જવા માટે લોઢાને પીગળવા જેવું કામ કરવાનું હતું... પણ બીજે દિવસે હું નાનીમાના ઘરે પહોંચ્યો ત્યારે નાનીમા મારાં ઘડિયા લગ્નમાં હાજર રહેવા ઓટલે ઊભાં હતાં! મને મનોમન થયું કે કૌટુંબિક સંઘર્ષનો જંગ હવે જીતી જવાશે, કારણ મારી નાનીમા મારી સાથે છે. મારી નાનીમાનું નામ હતું 'હરવિદ્યા'. તેમની ચિરવિદાય પછી સમજાયું કે મારી નાનીમા હર એક વિદ્યામાં પારંગત હતી! નાની મને હર એક વિદ્યામાં ગુણ-છાંટણાં કરતી ગઈ! આજે કંઈ પણ કરું ત્યારે સામે તેઓ કરચલીવાળો ચહેરો પ્રગટે છે અને હું વિચારે ચઢી જઉં છે કે, આમ કરીશ તો મારી નાનીમા દુઃખી તો નહીં થાય ને?? મારા જમણા હાથની પહેલી આંગળી આજેય નાનીમાએ પકડી છે તેવી કાયમી પ્રતીતિ રહ્યા કરે છે... નાનીમા, તમારી વિદાયને કેટકેટલાં વર્ષો વીતી ગયાં, પણ તમે તો એવાં ને એવાં, મારી સાથે ને સાથે જ હો. ક્યાંક કરુણા ભાળું ને નાનીમાનો ચહેરો દેખાય. હવે તો બહુ ઓછા લોકો આંગણે માંગવા આવે છે, પણ જ્યારે કોઈ 'ભિક્ષાન્ દેહી' બોલે છે તો હું નાનો બની જઈ ઘઉંના લોટનું પવાલું ભરી દોડી જઉં છું દરવાજે! નાનીમા કહેતી બેટા, જમણા હાથે આપીએ; આપીએ ત્યારે મીઠી નજર એ લેનાર તરફ નાખીને છુપા આશીર્વાદ ઝીલી લઈએ!!

સમય હવે છે એની સાથે કેટકેટલું બદલાય છે! હવે તો માંગનારા પણ સ્વમાની થઈ ગયા છે, તે ટ્રાફિક સિગ્નલ પાસે ગાડી થોભે કે ગાભો ગાડી પર મારી આપણી સામે હાથ ધરે છે. ત્યારે ઘઉં કે બાજરાનો લોટ ક્યાંથી લાવું?.. પણ નાનો-મોટો સિક્કો હજુ કારના સ્પીડો મીટર પાસે પડ્યો જ હોય છે! જીવનની રીત ઘરઆંગણે નાનીમાએ શીખવી તે જીવનની ગાડીની સ્પીડ પકડવા કામ આવે છે... નાનીમા, તુઝે સલામ.!

**ડૉ. ભદ્રાયુ વછરાજાની**

# યુગ પરિવર્તન

આજના શીર્ષક માટે એમ કહી શકાય કે ૫૦૦૦ વર્ષથી પણ જૂની ભારતીય સંસ્કૃતિની ૨૧મી સદી - એટલે કે ઇન્ટરનેટ યુગ સુધીની સફર...જેને તમે એક આખો યુગપલટો પણ કહી શકો.

વેદ એટલે પરમપિતા પરમેશ્વરની અમર વાણી...વેદો ક્યાંય લખાયા નથી એક પેઢીથી બીજી પેઢી સુધી અવિરત અમૃતધારા વહેતી રહી છે. યાજ્ઞવલ્કય હિન્દુ સંસ્કૃતિના પિતા ગણાય છે અને વેદોને જીવંત રાખવાનું મહાન કાર્ય (વૈદિક વાઙ્મય) મહર્ષિ વ્યાસે કર્યું તેથી તેમને વેદ વ્યાસનું ઉપનામ મળ્યું. સ્વયં બ્રહ્માના ચાર મુખથી ચાર વેદોનું સર્જન થયું. એ ચાર વેદો. ૧) ઋગ્વેદ, ૨) યજુર્વેદ, ૩) સામવેદ, ૪) અથર્વવેદ. એમાં ઋગ્વેદ સૌથી પ્રાચીન ગ્રંથછે. યજુર્વેદ બે શાખામાં વહેંચી નાખેલ છે. શુકલ યજુર્વેદ, કૃષ્ણ યજુર્વેદ. એની ઋચાઓની ભાષા અલંકારોથી ભરપૂર છે. તેમા મુખ્યત્વે યજ્ઞો વિ...ક્રિયાઓનુ વર્ણન છે. સામવેદ ના મંત્રોને સામ કહે છે. સામવેદને ગાન પણ કહે છે ગાનમાં શ્વાસને (પ્રાણને) રૂંધવો પડે છે. અથર્વવેદમાં શત્રુઓનો નાશ, રોગનો નાશ, વશીકરણ અને ભૌતિક સુખ માટેનાં તાંત્રિક વિધાનો અને મંત્રો છે. વેદો એ ત્યારે વપરાતી સંસ્કૃત ભાષામાં લખાયાં છે. સામાન્ય માણસને એ સમજતા વાર લાગે તેથી તેને ઉપનિષદમાં આલેખ્યા અને ઉપનિષદનું અઢાર પુરાણોમાં અવતરણ થયું કે જેમાં બધા વેદોનું વિચાર-વલોણું છે.

દુનિયાના બધા માનવીઓને જોડતા વિરાટ લાગણીતંત્રની વાત વેદના ઋષિઓએ કરી છે. આ સંસ્કૃતિ એટલે વિચાર પ્રણાલી (ઠ્ઠુ જ્ઞર વિંશક્ષસશક્ષલ) ભારતીય સંસ્કૃતિ વેદમાન્ય, વ્યાસમાન્ય સંસ્કૃતિ. જગતની અડતાળીસ સંસ્કૃતિઓ લુપ્તપ્રાય થઈ છે ત્યારે હજારો વર્ષ જૂની ભારતીય સંસ્કૃતિ પરકીય શાસન અને જબરદસ્ત પ્રહારો બાદ પણ ટકી રહી છે. માનવમાત્રને એની સમગ્ર સમસ્યાઓનો ઉકેલ આમાંથી મળે છે.

વેદ ઉપર ગમે તેટલું લખીએ તોપણ એ ''ગુહ્યાત ગુહ્યતમ'' છે અનંત જ્ઞાનસંગ્રહ છે એમાં જે શાંતિપાઠ છે **''સર્વેજનાઃ સુખીનો ભવન્તુ''** એટલી ઉચ્ચતમ વિચારધારા છે. ફક્ત પોતાને માટે ન વિચારતાં સમગ્ર લોકકલ્યાણની વિશાળ ભાવના છે. આપણો જે નાદ બ્રહ્મ :'ૐ'ની ઉત્પત્તિ પણ છાંદોગ્ય અને તૈતરીય ઉપનિષદમાંથી આવ્યો છે. **''અહં બ્રહ્માસ્મિ''** બૃહદારણ્યક ઉપનિષદની ભેટ છે. **''શિવોહં''** શિવ અને જીવ બન્ને એક જ છે. વેદોના અભ્યાસને આપણા દેશમાં અદશ્ય થતો જોઈને આદિ શંકરાચાર્યે અને સ્વામી વિવેકાનંદે તેનો સરળ શૈલીમાં પ્રચાર કર્યો અને આપણા પ્રાચીન કવિ નરસિંહ

મહેતાએ ઈશ્વર એક છે તે ભજન દ્વારા ગાયું.

''વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ સાખ દે, કનક કુંડળ વિષે ભેદના હોય... ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે...''

આપણી રાષ્ટ્રીય, રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક સમસ્યાઓનો ઉકેલ પણ આપણા દીર્ઘદ્રષ્ટા ઋષિમુનીઓએ હજારો વર્ષ પહેલાં આપેલો ''વસુધા એવ કુટુમ્બકમ્'' દ્વારા ભાઈચારાની ભાવના આપી સત્યં વદ, ધર્મંચર- આવા સાત્ત્વિક વિચારોની દેન આપણા વેદો પાસે છે. સંહિતાના સ્તોત્ર જોતાં જણાશે કે એમાં વિવિધ અને અસંખ્ય જ્યોતિર્મયં. દિવ્ય, પ્રકાશવંત અને સામર્થપૂર્ણ તત્ત્વોનુ આહ્વાન અને સ્તુતિ કરવામાં આવી છે તેમાં ઇન્દ્ર, વરુણ, સૂર્ય, પર્જન્ય, પૃથ્વી, પશુઓ, વનસ્પતિ, જળ, આકાશ, અગ્નિ વ.ની પૂજા આરાધના કરવામાં આવી છે.

માણસના ભાવજગતમાં વૃક્ષોનું સ્થાન ખૂબ મહત્ત્વનું છે વૃક્ષની નીચે બેસી તપસ્વીઓએ તપ કર્યાં - બોધીવૃક્ષ દાખલો છે. ગુરુશિષ્ય પરંપરામાં પણ વૃક્ષોનું ઘણું મહત્ત્વ છે. વૃક્ષોપનિષદ પણ કહી શકાય. બ્રહ્માંડમાં જે જ્ઞાન- વિજ્ઞાનની પ્રગતિ થઈ છે તે દરેકે દરેક દિશામાંથી આવેલા નવા અને સમાન વિચારોને લીધે થઈ છે આ સત્ય પ્રાચીન ભારતીય મનિષિઓને હજારો વર્ષ પહેલાં સમજાઈ ગયું હતું. માટે જ તેઓએ કહ્યું ''આતો ભદ્રાઃ ક્રતવોયન્તુ વિશ્વતઃ'' મને દરેક દિશામાંથી સારા વિચારો પ્રાપ્ત થાય. સકારાત્મક વિચારસરણી - સાત્ત્વિક આહાર આ ત્યારનાં મુખ્ય લક્ષણો હતાં.

વેદ વિશે આટલું જાણ્યા પછી આપણી સફર web સાથે કરીએ web એટલે કરોળિયાનું જાળું - તે ખૂબ પાતળા તાંતણાઓથી એકબીજા સાથે ગૂંથાયેલું હોય છે. એવી રીતે ૨૧મી સુધીનું સદીનું web એટલે satelite દ્વારા એકમેક સાથે wireless network સાથેનું જોડાણ. webનું પોતાનું કાંઇ સર્જન નથી. એમાં લોકોએ એના serverમાં માહિતીનો અખૂટ ભંડાર ભર્યો છે. web યાચક છે સ્વતંત્ર નથી. wwwની શોધ Tim Berners Leeએ કરી. તેઓ ફાધર ઓફ www (વર્લ્ડ વાઇડ વેબ) કહેવાયા. webની શોધ થાતાં આપણે એક એવા વિશ્વમાં પ્રવેશ કર્યો કે જે આપણા પૂર્વજોએ કહ્યું જ નોતું. આજનો યુગ internet યુગ કહેવાય છે. આજે વિશ્વભરની કોઈ પણ માહિતી એ આંગળીની એક clickથી મેળવી શકે છે. પછી એ સાહિત્ય - સંગીત - વ્યાપાર - પ્રવાસ - કે હવે તો ખરીદી પણ ઘેર બેઠા કરી શકે છે. ઘણા જવાબદાર લોક સોશિયલ મીડીયા પર ગંભીર વિષયોની ચર્ચા કરે છે. આધારભૂત માહિતી પોસ્ટ કરે છે. સોશિયલ મીડીયા લોકોને વિશાળ પાયે જોડી રહ્યું છે. વર્ષોથી છૂટા પડેલા મિત્રો મળી આવે છે અને નવે તાંતણે

મિત્રો અને સ્વજનો સાથે નવો સબંધ બંધાય છે. ઘણી બધી website આવતાં આજે ઘણું જાણવા મળે છે, વેદ વિશે ના  જાણતા હો તો એ site ખોલતાં વિશ્વનાં દ્વાર ખૂલી જાય છે.

આજે તો સાવ નાનાં બાળકો પણ હાથમાં સ્માર્ટ ફોન, આઈ પેડ, કૉમપ્યુટરનો ઉપયોગ કરતાં થઈ ગયાં છે. શાળાઓમાં જે પ્રોજેક્ટ અપાય છે એ પણ કૉમ્પ્યુટરથી જ કરવાના હોય છે. બાળકો રમતો પણ મોબાઈલમાં જ રમે છે તેથી બહાર ખુલ્લી હવામાં રમવા જવાનું સાવ ઓછું થઈ ગયું છે. મા-બાપ પણ બાળકોમાં રહેલી કુતૂહલવૃત્તિના જવાબ દેવાને બદલે એમને smart phone આપી દે છે. પછી એમાં એ શું જુએ છે, એનું ધ્યાન નથી રાખતા. સ્માર્ટ ફોન અને ટેક્નૉલૉજીનો ઉપયોગ વધતાં કોઈ પણ પ્રશ્નોનો જવાબ વિવિધ સોર્સ દ્વારા મળી જાય છે. બુદ્ધિ વાપરવી પડતી નથી. લોકો વર્ચ્યુઅલ વર્લ્ડમાં જીવવા લાગ્યા છે. સંવાદિતા ઓછી થઈ ગઈ છે. લોકો એકલપટા થઈ ગયા છે. આપણે જેમ વધુ વિકાસ કરતા ગયા તેમ દુનિયા નાની થતી ગઈ અને આપણા મન સંકુચિત થાતાં ગયાં. ગોપનીયતા નથી રહેતી.

૧૯૯૩માં સેન ડિયાગો સ્ટેટ યુનિવર્સિટીના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. વર્નર વિન્ગોએ એક રિસર્ચ પેપર રજૂ કર્યું હતું એમણે કહેલું કે આવનારાં ૩૦ વર્ષમાં ટેક્નૉલૉજીની પ્રગતિને કારણે ''સુપર હ્યુમન બુદ્ધિ'' વિકસશે જે કદાચ મનુષ્ય યુગના અંતની શરૂઆત હશે.

દરેક નવી ટેક્નૉલૉજીનાં સારાં અને ખરાબ બન્ને પાસાં હોય છે આપણે તેનો કેવો ઉપયોગ કરીએ છીએ તેના ઉપર આધાર રાખે છે. એના વધુ પડતાં વ્યસન અને દુરુપયોગથી આપણે જાત સાથેનો સંપર્ક ગુમાવી રહ્યા છીએ. ફાયદામાં જોઈએ તો બધું online થતાં કાગળનો બચાવ થતાં વૃક્ષો ઓછાં કપાશે અને પર્યાવરણની રક્ષા થશે.

આજની નવી પેઢી સાથે કદમ મિલાવીને ચાલવુ હોય તો આ પરિવર્તનને સસ્મિત સ્વીકારવું જ પડશે. કારણ પરિવર્તન એ તો સંસારનો નિયમ છે. સૌથી મોટી ક્રાંતિ યુનિવર્સિટીઓમાં આવવાની છે. આજે પણ ઈન્ટરનેટે એક સરહદ વિનાની જ્ઞાન સંહિતા ખોલી આપી છે. આવતી કાલે વર્ચ્યુઅલ કલાસરૂમ અને ઓગમેન્ટેડ રિયાલિટીના આયામો, શિક્ષણની પદ્ધતિ અને કન્ટેન્ટ એમ બન્નેને ધરમૂળથી બદલી નાખશે અને એમાં જે ક્રિયેટિવ હશે તે ટકશે અને આ ઉત્ક્રાન્તિને અનુરૂપ થવું પડશે નહીં તો આ જગતમાં મનુષ્ય અને મનુષ્યેતર એમ બે પ્રકારના બુદ્ધિશાળી પ્રાણીઓ રહેશે જે યુદ્ધ પણ કરી શકે અને બુદ્ધને પણ પ્રગટાવી શકે. આ net ના યુગમાં આશાવાદ ઝિંદાબાદ...

**વિશાખા પોટા (વડોદરા)**


# પ્રાચીન જ્ઞાનનો નવીન અનુભવ

સદીઓથી પુસ્તકો આપણા માટે માહિતીના સ્ત્રોત રહ્યાં છે. આપણા પ્રાચીન ગ્રંથોમાં વેદોનું સ્થાન અગ્રતાક્રમે છે જેણે આપણા સુધી જ્ઞાનની ગંગા પહોંચાડી છે. મજાની વાત એ છે કે આજની પેઢી માટે 'વેદ' કે પુસ્તકોનું સ્થાન લીધું છે 'વેબ'એ. આજે ઈન્ટરનેટ વિશ્વકક્ષાના પુસ્તકાલયની ગરજ સારે છે. જે અને જેટલી જોઈએ તેટલી માહિતી આંગળીઓના ટેરવે મળી રહે છે. ટાઈપ કરવા બેસીએ તો ક્યારેક ભુલાઈ જાય કે શું જાણવું હતું અને છતાંય કલાકો વીતી જાય એવી જ્ઞાનની પરબ આ 'વેબ' છે.

આપણાં શાસ્ત્રો અને વેદોનું જ્ઞાન પેઢી દર પેઢી આપણા સુધી પહોંચ્યું તો છે આપણે એને કંઈક અંશે આચરણમાં પણ મૂકીએ છીએ, પણ એ પાછળનાં કારણો - વૈજ્ઞાનિક તથ્યોથી અજાણ હોવાથી એનો જોઈએ તેટલો આદર નથી કરી શક્યાં. વેદકાળથી વહેતી આ જ્ઞાનગંગા ધીરે-ધીરે લુપ્ત થતી જતી હતી, પણ એને recharge કરવાનું કામ કર્યું. આ 'વેબ' એ, આજે આપણે આમાંના એક જ શાસ્ત્ર 'આયુર્વેદ'ની વાત કરીએ.

'ભાવ પ્રકાશ' આયુર્વેદના પ્રસિદ્ધ ગ્રંથમાં કહેવામાં આવ્યું છે કે જે શાસ્ત્ર દ્વારા આયુષ્યનું જ્ઞાન, હિત-અહિત, આહાર-વિહારનું જ્ઞાન, વ્યાધિ-નિદાન-શમનનું જ્ઞાન પ્રાપ્ત છે એ શાસ્ત્રનું જ્ઞાન આયુર્વેદ છે. આપણી આપણે આપણી પરાપૂર્વથી ચાલતી આહાર પદ્ધતિ મહદ્અંશે ચાલુ તો રાખી છે, પણ એ પાછળના વિજ્ઞાન-પ્રતિપાદિત કારણોથી અજાણ ધીરે ધીરે એને ભૂલવા માંડ્યા હતાં.

દા.ત. વર્ષોથી આપણે લસણને કચરીને વાપરીએ છીએ. હવે મૉર્ડન સાયન્સ પ્રમાણે પણ લસણને કચરવાથી એક એવું મિશ્રણ બને છે કે જે કૉલેસ્ટરોલ નિયમિત રાખે છે ઢોકળાં, ઈડલી-સાંભાર પરાઠાં-દહીં, સદીઓથી આપણી આહાર પ્રથામાં સામેલ છે. હવે સિદ્ધ થયું છે કે આ વાનગીઓમાં કાર્બોહાઈડ્રેટ-પ્રોટીનનું જે પ્રમાણ છે એ ન્યૂટ્રિશનની દૃષ્ટિએ એકદમ યોગ્ય માપ છે. આ બધાની સાથે ચટણી/સાંભાર લઈએ છીએ જેમાં રહેલ વિટામિન્સ-મિનરલ અને ફાઇબર આપણાં રક્તમાં રહેલી શર્કરા (બ્લડ શુગર)ને નિયમિત કરે છે.



આપણી રોટલી, દાળ, શાક, કઠોળ ખાવાની પ્રથા વર્તમાન વિજ્ઞાન પ્રમાણે પણ તદ્દન યોગ્ય પ્રતિપાદિત થઇ છે.

આજકાલ 'મિલેટ' ફેશનમાં છે અને એ ખાવાથી થતા ફાયદા રોજ-રોજ ચર્ચવામાં આવે છે. ડૉક્ટરો પણ એ ખાવાની ભલામણ કરે છે. આપણી પરંપરામાં બાજરી, જુવાર, નાચણી ઇત્યાદિનો વર્ષોથી ઉપયોગ થતો આવ્યો છે, પણ હવે આપણે એના ફાયદાનું વૈજ્ઞાનિક તથ્ય જાણીએ છીએ કે આ 'મિલેટ' આર્યન કેલ્શિયમ, ફોસ્ફરસ જેવાં ખનિજોથી સમૃદ્ધ હોય છે જે હાડકાં-માંસપેશી અને જ્ઞાનતંતુ માટે લાભકારી છે.

આજકાલ વિટામિન 'ડી'ની ઊણપથી લગભગ બધા જ પીડાતા જોવા મળે છે અચાનક આ વિશે જાગરુકતા વધી ગઈ છે આની ખામીથી કેલ્શિયમ પણ શરીરમાં શોષાતું નથી અને રિકેટ્સ અથવા ઓસ્ટિઓમલિલેશિયા નામના રોગ થાય છે. ખોરાકમાંથી આ તત્ત્વ મેળવી શકાય છે, પણ આનો ઉકેલ થાળીથી વધારે ઘરની બહાર છે અને એ છે સૂર્યપ્રકાશ. આજકાલ ડૉક્ટર કુમળા તડકામાં બેસવાની-ચાલવાની સલાહ આપે છે, પણ આપણા આયુર્વેદમાં સદીઓથી સૂર્યસ્નાનને ખૂબ જ અગત્યતા આપવામાં આવી છે અને એ જ વાતનું આજનું વિજ્ઞાન એ પાછળનાં કારણો સાથે સમર્થન કરે છે.

આવી અસંખ્ય બાબતો આપણે આયુર્વેદ કે ડોશીવૈદાની પરંપરામાં કરતા આવ્યા છીએ - આજે આ જ સર્વ માહિતી આપણને 'ઈન્ટરનેટ' પર મળી જાય છે.

ઘણી વાર તો દવા શું લેવી એ પણ ઈન્ટરનેટ પર લોકો શોધે છે. પહેલાં તો મમ્મી અથવા દાદીને જે ખબર હતી તે દવા લઈ લેતા. શર્દી-ઉધરસ તાવ જેવા નાના રોગમાં અને ઇમ્યુનિટી વધારવા માટેના ઘરેલું નુસખાની વડીલોને જાણ હતી. જે એમના પોતાના વડીલો દ્વારા શીખ્યા હતાં. ત્યારે કુટુંબ મોટાં હતાં હવે ન્યુક્લિયર ફેમિલી અને બહારની નોકરીને કારણે મા-દાદીની નિશ્રા દૂર થઈ ગઈ છે. દાદી અને મા પાસેથી જેટલું નાનપણમાં અનુભવી-સાંભળીને કર્યું એ હવે ભુલાઈ ગયું, એટલે હવેની પેઢીનો આશ્રય છે ઈન્ટરનેટ. જેમ દવાના ઓવરડોઝ હોય એમ જ ઈન્ફોર્મેશન ઓવરડોઝનું પણ જોખમ છે. માથાના દુખાવાના એટલા બધા કારણ હોય કે માથાનો દુખાવો જ વધી જાય. એટલે વેબસાઈટ પર વાંચતાં પહેલાં એના વિશે માહિતી રાખવી અને સ્વાસ્થ્ય બાબત કાળજી રાખવી જરૂરી છે. ઈન્ટરનેટથી હવે ફાયદો એવો થયો છે કે વેદોનું જ્ઞાન, જે ક્યાંય અજ્ઞાત ખૂણામાં ખોવાયેલું હતું. તે વેબને જ કારણે આખી દુનિયામાં ફેલાયું છે. તો કેમ એવું ન કરીએ કે હવે કાંઇક નવું શીખીએ અથવા નવીનતાથી કાંઈક જૂનું શીખીએ?

**નેહલ વૈષ્ણવ**

# સ્વૈરવિહારી આશા

શિકાર કરવા નીકળેલ દુષ્યંત રાજા હરણની પાછળ દોડતાં-દોડતાં દૂર દૂર ગાઢ વનમાં પહોંચી ગયા. હરણને મારવા જેવું તીર બાણ પર ચઢાવ્યું ત્યાં એમની નજર પડી એક અતિસુંદર છોકરી પર, એ એની બે સખીઓ સાથે વનરાજીમાં વિહાર કરતી હતી. ''મા! વિહાર એટલે?'' રાત્રે સૂતી વખતે વાર્તા કરતી માને અવનિએ પૂછ્યું. બેટા! વિહાર એટલે, મસ્ત થઈ ફરવું. રમવું આપણે પિકનિકમાં કરીએ ને એમ... ''પણ મા, ત્રણ નાની છોકરીઓ એકલી એકલી રમે? આવડાં મોટાં વનમાં? તું તો મને ક્યાંય નથી જવા દેતી? મા હસી પડી બોલી ''બેટા! એ વેદકાળ - સતયુગ હતો. ત્યારે તે છોકરીઓ માટે કંઈ ભય જેવું જ નહોતું. પણ ચાલ હવે, તું, સૂઈ જા...'' અને માનું વાક્ય પૂરું થાય તે પહેલાં તો અવનિ વાર્તામાંની શકુંતલાને સ્થાને ગોઠવાઈ ગઈ હતી.

બીજે દિવસે સાંજે...

''અવનિ ઓ અવનિ!'' માની બૂમો સાંભળી અવનિ એક મોટા પીપળાના ઝાડની ઓથે સંતાઈ ગઈ. મા પકડશે તો અહીં રમવા નહીં મળે. હજી તો પેલા વડલાની વડવાઈએ ઝૂલવાનું, આંબાની ઊંચી ડાળી પર ચઢવાનું અને ઘાસમાં આળોટવાનું, બધું જ બાકી છે. પણ મા જેનું નામ, અવનિને શોધી કાઢી, કાન ઝાલી ઘરમાં લઈ જતાં ધમકાવી ''ખબરદાર! ફરી ક્યારેય આ સૂમસામ જગ્યાએ આવી છે તો, ટાંટિયા જ તોડી નાખીશ.'' અવનિને ખૂબ જ ખરાબ લાગ્યું. ઘરથી થોડેક જ દૂર આવેલી આ ઝાડી, ઝાડી શું નાનું શું જંગલ જ, એની પ્રિય જગ્યા હતી, પણ મા તો જાણે એની દુશ્મન હતી. અહીં આવવા જ ન દે. એનાથી બે વર્ષ મોટા ભાઈને તો બધી જ છૂટ હતી. એ તો ભાઈબંધો સાથે ને ક્યારેક એકલા પણ આવીને અહીં રમતો. અવનિએ જુદીજુદી રીતે અહીં રમવા આવવા પ્રયત્નો કર્યા, પણ વ્યર્થ.



પછી તો અહીં આવવાનો વિચાર જ એણે છોડી દીધો. અલબત્ત એ વનરાજી ઘટા, કૂણું કૂણું ઘાસ, તડકાનો કુમળો સ્પર્શ તો એને બોલવતાં જ રહેતા.

હવે તો અવનિ મોટી થઈ ગઈ હતી. નાના શહેરથી એનું કુટુંબ મહાનગરમાં રહેતું થયું હતું. આ વર્ષથી તો કૉલેજમાં આવી, પતંગિયાને જાણે પાંખ આવી. એણે નક્કી કર્યું, હવે તો પોતે મુક્ત, કોઈની નજરબંધી સિવાય પણ બહાર જવા મળશે. ખૂબ જ મજા કરવી છે, પોતાને ગમે એવા સ્થાનોએ જઈને. એને એના જેવી જ એક સખી પણ મળી ગઈ હતી. આજે કૉલેજમાં વહેલી રજા પડી ગઈ. માગશર મહિનાની ઊતરતી બપોરે એ અને સખી શહેરના છેડે આવેલા મોટા-સુંદર પાર્કમાં પહોંચી ગયાં. પહેલાં તો બધે ફરી ત્યાં વહેતી નદી, સુંદર મંદિર બધું જોયું ત્યાં સાંજ પડવા આવી. હવે તો શાંતિથી લીલાછમ્મ ઘાસમાં બેસી, ઊંચાં વૃક્ષો, ઠંડી હવા અને ચહકતા પંખીઓ જોડે ગોઠડી કરશું, એવું નક્કી કરી બંને સખીઓ બેઠી, ત્યાં તો દંડૂકાધારી પોલીસ આવી ચડ્યો. ''ચલો ઊઠો ઊઠો - હમણાં થોડી વારમાં અંધારું થશે અને બંને છોકરીઓ એ પણ એકલી અહીં શું કરો છો? ભાગો.'' આથમતા સૂરજનાં કિરણોથી આસપાસની સૃષ્ટિ સોનેરી રંગે ચમકતી હતી, પણ એ બંનેના મનમાં તો રાતની કાલિમા જ છવાઈ ગઈ. એમ તો કુટુંબ કે મિત્રોનાં ટોળાં સાથે ક્યારેક ક્યારેક કુદરતની વચમાં આવવા મળતું, પણ સતત ટોકતી અને આલોચતી નજરોની વચમાં એ મજા ક્યાં જે સ્વૈરવિહારમાં મળે. એનું મન તલસતું જ રહેતું.

કૉલેજથી આવતાં-જતાં શહેરની વચમાં રહેલા નાના-નાના બગીચા પર એની નજર પડતી, જ્યાં પુરુષો એકલા એકલા ટહેલતા રહેતા, વાંચતા કે પછી ઘાસમાં આળોટતા રહેતા. એને પણ એમ ટહેલવાનું મન થતું. મન ઉદાસ હોય ત્યારે તો આવી જ કોઈ જગ્યા એને શાંતિદાતા લાગતી, પણ છોકરી એમ થોડી ભટકે? લોકોની નજરનું શું? અને...એ અટકી જતી. આજે અવનિને ઈન્ટરવ્યુ માટે એક ઑફિસમાં જવાનું હતું. પહોંચ્યા પછી ખબર પડી કે ઈન્ટરવ્યુ લેનારા બે કલાક મોડા



થયા છે, હવે સમય કેમ પસાર કરવો? એ તો પહોંચી નજીક જ આવેલા એક સુંદર બગીચામાં. - મન તો થતું હતું ઘાસની લોન પર આળોટવાનું, પણ પર્સમાંથી એક ચોપડી કાઢી ઘટાટોપ વૃક્ષને ટેકે બેસી એ વાંચવા માંડી. અહા! મનમાં ખુશીની એક લહેર ઊઠી, થોડી વાર થઈ ત્યાં ત્રણ-ચાર જુવાનિયાનું ટોળું સિસોટી વગાડતું નજીકમાં જ બેઠું અને પછી શરૂ થઈ એ લોકોની ઠઠ્ઠા-મશ્કરી- ક્રોધ અને વધારે તો અસહ્ય લાચારીના ભાવ સાથે એ ત્યાંથી ઊઠી દોડીને વાહનો અને માણસોથી ઊભરાતા રસ્તા પર પહોંચી ગઈ. એણે પાછું ફરીને પણ ન જોયું. એના મનમાં એક ખૂણામાં વસતી શકુંતલા જાણે ઊંડે ઊંડે ધરબાઈ ગઈ...

હવે તો કોયલનો ટહુકો કે વાસંતી વાયરો પણ એનાં રૂંવાડાંને ન સ્પર્શતો. હા! હજી, એ શહેરના પાર્કમાં જતી તો જરૂર, પોતાનાં નાનાં બાળકોને ત્યાંની rides માં બેસાડવા!

અવનિ વેબ ડિઝાઇનિંગના ક્ષેત્રે કાબેલ ગણાતી અને એટલે જ એની પસંદગી થઈ સ્કોટલૅન્ડમાં આવેલ એની જ ઑફિસની શાખામાં ત્રણ મહિનાનો અનુભવ લેવા માટે. પોતાના સીમિત વિશ્વમાંથી બહાર નીકળવાનો એનો પ્રથમ અનુભવ.

થોડી ઉત્કંઠા, થોડા ભયને પણ સામાનમાં પેક કરી એ તો પહોંચી ગઈ સ્કોટલૅન્ડ. અહો! અતિસુંદર! જ્યાં નજર નાખો ત્યાં લીલીછમ ધરતી અને ઠેરઠેર સુંદર મેદાનો ને બગીચા. એપાર્ટમેન્ટમાં સેટલ થઈ એ તો પહોંચી ગઈ નજીકના વિશાળ બગીચામાં સરસ તડકો નીકળ્યો હતો અને લોકો એની મજા લઈ રહ્યા હતા. એ પણ સુંદર ફૂલોની ક્યારી પાસેના બાંકડા પર બેસી ગઈ. ચારે બાજુ ખૂબ જ શાંત-સુંદર વાતાવરણ થોટી ક્ષણો વીતી ને જાણે પેલી સ્વૈરવિહાર કરતી શકુંતલા એના મનની સપાટી પર ઊભરાઇ આવી...બાંકડા પરથી નીચે લોનમાં બેઠી અને તંદ્રામય સ્થિતિમાં ક્યારે એ ઉપર ખુલ્લા ગગન તળે લોનમાં આડી પડી એને ખબર જ ન પડી! સમય વીત્યો, અહો! પરમશાંતિ - પરમતૃપ્તિની ક્ષણો- આ ને જ સમાધિની સ્થિતિ કહેતા હશે? જાણે, સમાધિમાં ભંગ કરતા હોય એમ બે યુવાન એની પાસે આવ્યા, અવનિ વિચલિત થઈ, થોડી ગભરાઇ પણ ગઈ. એ બંને નજીક આવી ખુલ્લા દિલે હસી બોલ્યા ''અહો! તમે પણ અમારી જેમ આ સુંદર દિવસે પ્રકૃતિને માણો છો? good very good... કહી સહજતાથી આગળ વધી ગયા... અને... અવનિની સામે અનુભૂતિનું એક નવું જ વિશ્વ ખૂલી ગયું... એ વિશ્વમાં ટમટમતી હતી આશાની એક જ્યોત. એને થયું આ જ્યોતનો ઉજાસ મારા ઘરઆંગણાનાં સ્ત્રીત્વની ખોવાયેલી અસ્મિતા, ગરિમા અને સલામતી શોધી આપે તો કેવું સારું?

**દીના વછરાજાની**

# યુગાંતર

હમણાં થોડા વખત પહેલાં શાળાના આઠમા ધોરણમાં ભણતી બિરવા માટે એના પપ્પા નવું લેપટોપ લઈ આવ્યા. બિરવાનો હરખ સમાતો જ ન હતો. લેપટોપ જ જાણે એની દુનિયા થઈ ગઈ. શાળાનો કોઈ પ્રોજેક્ટ હોય કે પછી મિત્રો સાથે ગપ્પા-ગોષ્ટિ આ નાનકડા લેપટોપમાં બિરવાનું પોતીકું વિશ્વ રચાઈ ગયું. આ બધું જોઈને એની મા - શ્રેયાને ક્યારેક તો અતિશય ગુસ્સો આવતો અને ચિઢાતીય ખરી બિરવાની સાથેસાથે એને ઉત્સુકતાય ઘણી થતી એ જાણવાની કે એવું તે શું હશે આ વેબની દુનિયામાં કે એમાં પ્રવેશેલો મનુષ્ય ક્યાંય કેટલીય વાર સુધી ખોવાયેલો જ રહે છે? એક દિવસ બિરવાની ગેરહાજરીમાં એણે લેપટોપ પર હાથ અજમાવવાનું નક્કી કર્યું. ગૂગલ સર્ચ કરતાં કરતાં એ કોઈક બીજી જ દુનિયામાં પહોંચી ગઈ. 'ધર્મ' એનો પ્રિય વિષય. એના પર ખાંખાખોળા કરતાં કરતાં તો કંઈ કેટલોય સમય વીતી ગયો એનું ધ્યાન જ ના રહ્યું, પણ સાંજની રસોઈની ચિંતાએ તેને કૉમ્પ્યુટર બંધ કરવા મજબૂર કરી, પણ વિચારોએ તેનો પીછો ન છોડ્યો.

કૉમ્પ્યુટર પર વિવિધ વિષયો પર માહિતી મેળવવા માટે કરેલી શોધખોળે અને એના મળેલાં પરિણામોએ તેને રોમાંચિત કરી દીધી હતી. એને વિચારતી કરી દીધી. જેમ કે 'વેદકાળ' વિશે તેને ભરપૂર માહિતી મળી હતી, એ માહિતી તેના સુધી પહોંચી હતી - આ 'વેબ' થકી. વેદકાલીન પોશાક, સાહિત્ય, સંસ્કૃતિ તેની નજર સામે તરવરવા માંડી. સૃષ્ટિના પ્રારંભથી લઈને આ ક્ષણ સુધી માનવજીવન કેટલી હદે બદલાઈ ચૂક્યું છે એ જ વિચારે એને રોમાંચિત કરી દીધી.

વેદકાળમાં સ્ત્રીઓને મળતી સ્વતંત્રતા, એ સમયની મુક્ત વિચારસરણી દર્શાવે છે. કાળક્રમે જે ઓછી થતી ગઈ અને સ્ત્રી સાથે ગુલામ જેવો વ્યવહાર થવા માંડ્યો - જે આજે પણ કહેવાતી સુશિક્ષિત દુનિયામાં કાયમ રહ્યો છે. આજની સ્ત્રી પુરુષ સમોવડી થવા મથી રહી છે જ્યારે વેદકાલીન સ્ત્રીને તો એ હક્ક મેળવવાની જરૂર જ પડી ન હતી - એ સમયમાં સ્ત્રી - પુરુષ વચ્ચે ભેદભાવને અવકાશ જ ન હતો - એ સ્ત્રી યજ્ઞયાગાદિ કરતી, સમરાંગણમાં પણ પુરુષનો ખભેખભો મિલાવીને લડ્યાના દાખલા મોજૂદ છે.

શ્રેયાને આ બધું બહુ જ રસપ્રદ લાગ્યું. બીજે દિવસે ફરી પાછી એ સમય મળતાં કૉમ્પ્યુટરની સામે ગોઠવાઈ ગઈ 'વેદ' વિશે વધુ જાણકારી મેળવવા. બધું કેટલું સહેલું કેટલું હાથવગું હતું? આયુર્વેદ, ધર્મ,



સંગીત, નૃત્ય, રાજકારણ, પ્રકૃતિ ખગોળશાસ્ત્ર – આમ લગભગ બધા જ વિષયો આવરી લેતાં વેદોના રચયિતાએ કેટલો ગહન અભ્યાસ કર્યો હશે? એ વિચારમાત્ર તેને રોમાંચિત કરવા પૂરતો હતો. જ્યારે અત્યારની ક્ષણે એ જ વેદો વિશે વધુ માહિતી મેળવવા માટે એની નજર સમક્ષ વેબની એક તદ્દન અનોખી દુનિયા ઉઘડી ગઈ હતી. જેમ કૉમ્પ્યુટરમાં વિવિધ વિષયો માટે અલગ અલગ file/folder હોય છે એમ એ સમયમાં પણ વિવિધ વિષયોને અલગ અલગ વેદમાં આવરી લેવાયા છે, જેમ કે સૌ પ્રથમ રચાયેલા વેદ-ઋગ્વેદમાં – પૃથ્વીની ભૌગોલિક સ્થિતિ, દેવતાઓનું આહ્વાન કરવા માટેના મંત્રો અંગેની જાણકારી છે. જ્યારે યજુર્વેદમાં યજ્ઞયાગાદિ વિશે વિસ્તારપૂર્વક જણાવાયું છે. નૃત્ય અને સંગીતની કળાને એ સમયમાં પણ જબરું મહત્ત્વ આપવામાં આવ્યું અને થઈ સામવેદની રચના અને સૌથી છેલ્લે રચના થઈ અથર્વવેદની સૌથી મોટા ગણાતા આ વેદમાં ગૂઢ વિદ્યા, આયુર્વેદ વ. અંગેની માહિતી છે.

શ્રેયાના મનમાં વિચારોનું ઘમ્મરવલોણું અટકવાનું નામ જ નહોતું લેતું. એના વિચાર વિશ્વમાં દ્રૌપદી, રુક્મિણી જેવી સ્ત્રીઓની છબી ઊપસી આવી. તેણે નેટ પર વાંચ્યું હતું કે રુક્મિણીને એ જમાનામાં પણ અક્ષરજ્ઞાન હતું – એણે શ્રીકૃષ્ણને પ્રેમપત્ર લખ્યો હતો ને? જ્યારે પાંડવોના ખજાનાનો સઘળો કારભાર દ્રૌપદી જ સંભાળતી હતી. આજની સ્ત્રી ચંદ્ર પર પહોંચી ચૂકી છે, પણ વેદકાળમાં સ્ત્રીઓને પણ ખગોળશાસ્ત્રનું જ્ઞાન હતું.

આવું તો કંઈ કેટલુંય હતું ઈન્ટરનેટ પર, જે શ્રેયાને માટે તદ્દન નવું જ હતું. દુનિયામાં થતી દરેક ઘટના, વ્યક્તિ કે અન્ય કોઈ પણ વિષય અંગેની માહિતીનો ખજાનો આ નાનકડા કૉમ્પ્યુટરમાં ધરબાયેલો પડ્યો છે એ હવે શ્રેયાને સમજાઈ ચૂક્યું હતું. આ માટે તેણે મરજીવો થઈ ખજાનામાંથી બીજું કોઈ મનગમતું મોતી શોધવાના સંકલ્પ સાથે વેબની દુનિયામાંથી વિદાય લેવાનું નક્કી કર્યું.



પણ હા, તેણે બીજો પણ એક નિર્ણય લીધો. બિરવાને હવે પછી કૉમ્પ્યુટર પરથી વિસ્તૃત માહિતી લેતાં ક્યારેય ટોકશે નહીં.

**સુહાની દીક્ષિત**

# ''ભેદ-વેદથી વેબ'' (સંગીત)

આજે ઘરમાં દાદી અને પૌત્રી એશના એકલા જ હતા. ઘરના બધા જ સભ્યો લગ્નમાં ગયા હતા. કૉલેજમાં અભ્યાસ કરતી એશના બુદ્ધિશાળી હતી. નવું નવું જાણવાની ઇચ્છા તેને હંમેશાં રહેતી. ચર્ચાઓ દ્વારા કંઈક નવું જાણવાની અપેક્ષા રાખતી. નવરાશની આ પળોમાં પોતાના રૂમમાં ફિલ્મી ગીતો સાંભળતી હતી.

''બેટા અવાજ ધીમો કર હું પૂજા કરું છું'' દાદી બોલ્યાં ''નથી તારાં ગીતોમાં સંગીત કે નથી ગીત...''

એશનાએ જવાબ આપ્યો ''દાદી તમે જે બોલો છો તેમાં ક્યું ગીત-સંગીત છે? તેના તો શબ્દો પણ નથી સમજાતા''

દાદી ગુસ્સે થઈ તાડુક્યાં ''તારાં ગીતોના શબ્દોને પણ શું છે? ગમે તે શબ્દોને પ્રાસમાં ગમેતેમ ગોઠવો હાહા...હીહી... અને આજકાલ તો દ્વીઅર્થી શબ્દોએ દાટ વાળ્યો છે, અરે સંગીત એટલે તાલ, સ્વર અને સૂર અને સાચું કહું તો

''સગપણ કોનું કોની સાથે  
સાચું સગપણ સ્વરનું કે  
સ્વરથી સર્વેશ્વર સુધી જવાય.''

''અરે દાદી, આટલું અઘરું અઘરું નો સમજાય, તેનો મતલબ શું?''

દાદી શાંત થયાં અને બોલ્યાં ''બેટા સંગીત માત્ર કલા જ નહીં શક્તિ છે... દવા છે... શાંતિ છે... આનંદ છે... ઈલાજ છે, એ તને સમજાવું. વેદકાળથી રુચાઓ ગવાય છે. સંગીતના ઘણા પ્રકારો છે, પદ, પ્રબંધ, આખ્યાન, ભજન, કિર્તન, બોલ તને શેના વિશે કહું?

''અં...અં...કિર્તન''. દાદી કિર્તનની મને ખબર પડે'' એશના બોલી.

દાદીએ એશનાને પાસે બેસાડી કહ્યું, ''કિર્તન વિશે કહું એ પહેલાં સાંભળ, આપણા સંગીતમાં એવી શક્તિ છે જે માત્ર દિપક રાગ ગાઈ દીવા, કે મલ્હાર



રાગથી વરસાદ નથી થતા, પણ ઘણી બધી બીમારીઓના ઉપાય સંગીત થેરેપીથી થતા, પણ તને આજે કિર્તન વિશે કહું. આમાં એક જાતની ધૂન... માત્ર નામ દ્વારા સંકિર્તન થાય, તેથી તેને આપણે ''નામ સંકિર્તન'' કહેતા. આ કિર્તનની શરૂઆત પદ્મનાભ અધ્યારુએ કરી હતી, બાદ ચૈતન્ય મહાપ્રભુએ એનો પ્રચાર કર્યો અને લોકો ઈશ્વરની સમીપ જવા કશું પણ ન આવડે તોપણ માત્ર નામ ધૂન બોલાવી કિર્તન કરતા. આ બધું પ્રાચીન જમાનામાં થતું. આજના તમારા આધુનિક જમાનામાં કિર્તન વધુમાં વધુ ક્યાં થાય છે? તને ખબર છે? એશના કહે 'ના'...ક્યાં થાય છે? દાદીએ હસતાં હસતાં કહ્યું ''તમારા ઈસ્કોન મંદિરમાં'' 'હરે કૃષ્ણ હરે રામ'ની ધૂન થાય છે ને'',

''અરે હા દાદી એનો તો ખ્યાલજ ન આવ્યો એશના બોલી.

શીલ પ્રભુપાદે અમેરિકામાં 'ટોમકીન પાર્ક'માં આની શરૂઆત કરી હતી.

''અરે વાહ! એનો અર્થ એ કે આજના જમાનામાં કશું જ નવું નથી...ખરું ને?

દાદીએ એશનાને જવાબ આપ્યો કે ''ના બેટા તમારી આજની web world માં તો માત્ર મોઢેથી જ નહીં CD, પેન ડ્રાઈવ તથા મોબાઈલ ફોનમાં રિંગ ટોન તરીકે પણ એનો ઉપયોગ કરે છે.

તમને ગાતાં ન પણ આવડે તોપણ તમે તેને માણી શકો...એટલે એવું નથી કે આ જમાનામાં કશું સારું નથી. અરે, જાત્રાનો દાખલો લો તો અમારા જમાનામાં જાત્રા કેટલી મુશ્કેલી ભરેલ હતી, આજે તો ઘેર બેઠાં TVમાં જીવંત પ્રસારણ દ્વારા ઘરમાંજ જાત્રા થઈ જાય છે.

પોતાના યુગનું સારું સાંભળી એશના ખુશ થઈને કહેવા લાગી...''જોયું દાદી, એટલે આ સમય પણ નકામો નથી, સારો જ છે''

''હા બેટા, બધી વસ્તુમાં વેદકાળથી આજના વેબ કાળ સુધી પરિવર્તન અને વિકાસ તો થયો જ છે, પણ તમે તેનો કેવો અને કેટલો ઉપયોગ કરો છો તેના ઉપર તેનો આધાર છે.''

એશનાને દાદીની વાત સમજાઈ ગઈ, રેડિયો ધીમો કરી દાદીની વાત પર વિચાર કરવા લાગી અને બધા ક્ષેત્રમાં વેદકાળથી વેબ વર્લ્ડ સુધી થયેલાં પરિવર્તનો પર વિચાર કરવા લાગી.

**નેહા આચાર્ય**



# ''વેદ'' થી ''વેબ'' સુધી

ભારત વૈવિધ્યસભર દેશ ગણાય છે. આપણી સંસ્કૃતિ આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે પ્રખ્યાત છે. પૌરાણિક કાળનાં ઋષિમુનિઓની જીવનસરણી આચાર-વિચાર અને તેમનું જ્ઞાન એ આપણી સંસ્કૃતિનો પાયો છે.

વેદપુરાણોમાં માનવજીવનને લગતા શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક વિષયો પર સવિસ્તર માહિતી મળે છે. માનવ ઉત્પત્તિથી લઈને ઉત્ક્રાંતિ સુધી, માનવની શરીરરચના આધિ-વ્યાધિ-ઉપાધિ અને તેને લગતા ઉપચારો, ઔદ્યોગિક ક્રાંતિ એ સર્વેને સાંકળી લેતાં આપણા શાસ્ત્રો આજે દેશ-વિદેશમાં ખ્યાતિ પામેલ છે. સુશ્રુતસંહિતામાં સુશ્રુતે કરેલી નાક ઉપરની શસ્ત્રક્રિયા સૌથી પહેલી શસ્ત્રક્રિયા મનાય છે આજે જે પ્લાસ્ટિક સર્જરી (plastic surgery) કહેવાય છે એ જ.

નાના હતા અને પેટમાં દુઃખાવો થતો તો મમ્મી કે દાદી કે નાની કહેતાં અજમો ફાકી જાઓ. એવા કેટકેટલા ઘરઘરના નુસખાઓ અજમાવતા. આજે એ જ બધું આપણને facebook, whatsapp પર થોડા ઘણા ફેરફાર કરીને બતાવવામાં આવે છે.

આયુર્વેદે મહત્ત્વનું સ્થાન લઈ લીધું છે. વિદેશમાં પણ લોકો આયુર્વેદને માનતા થયા છે. યોગવિદ્યાએ ખૂબ નામના મેળવી છે. આ બધાનું કારણ શું છે? દુનિયા હવે ખૂબ નાની થઈ ગઈ છે. "World at your fingertip". www એ બધું હાથવેંતમાં કરી દીધું છે. કોઈ પણ નાની મોટી વસ્તુને ફેલાતાં હવે વાર નથી લાગતી (પછી એ સારી હોય કે ખરાબ).

પહેલાં "barter system" હતી, લેવડદેવડની એક પદ્ધતિ. જેનું સ્થાન હવે NEFT અને ક્રેડિટ કાર્ડ - ડેબિટ કાર્ડે લીધું છે. ખરીદી કરવા બજાર જતી ગૃહિણીઓ હવે online shopping કરતી થઈ ગઈ છે. ''ઘેર બેઠા ગંગા'' મોટા મોટા ચોપડાઓનું સ્થાન laptop અને computer એ લીધું છે, પહેલાં બીજે ગામ રહેતી દીકરીના કાગળની કે ફોનની રાહ જોવાતી એ હવે રોજ રોજ mobileમાં વાત થાય છે. દૂર રહેતા લોકો નજીક આવવા લાગ્યા છે. distance in real term reduced - અંતર ઘટવાં લાગ્યાં છે. networking ને કારણે બધાનો સમય બચ્યો છે, પણ છતાંય આજે કોઈ પાસે કોઈની માટે સમય નથી.

નિબંધ કે લેખ લખવા બહુ વિચારવું પડે એ જમાનો ગયો. હવે બધું તમારી આંગળીનાં ટેરવે છે. ફટાફટ project પૂરો, બધાને બધું જ જ્ઞાન છે, પણ ઉપરછલ્લું. વિદ્યાર્થીઓ શાળામાં સરસ મજાના પ્રોજેક્ટ્સ કરે છે. પણ એ વિષયનું જ્ઞાન કદાચ એમને શૂન્ય હશે. (ચોક્કસ અમુક આમાં બાકાત હશે) કારણ? www પર નાખી, wikipedia, google પર search કરી printout લઈ લીધી, સરસ મઠારી લીધી એટલે project તૈયાર.

''વેદમાંથી ઘણું શીખ્યા છીએ તો આ ''વેબ'' નામના શબ્દએ પણ આપણને ઘણું આપ્યું છે. માનવીનો તો મૂળ ગુણ જ છે ગ્રહણ કરવાનો. તો વેદથી લઈને વેબ સુધી બધી સકારાત્મક વસ્તુઓ ગ્રહણ કરીને પ્રગતિના પંથે આગળ કેમ ન વધીએ?

**નેહા મહેતા**

# શું મેળવ્યું, શું ખોયું ?

ઓલ્વીન ટૉફલર લિખિત 'Future Shock' નામનું એક વિચારપ્રેરક પુસ્તક વર્ષો પહેલાં વાંચ્યું હતું. તેઓએ તેમાં એક પ્રસંગ આલેખ્યો છે કે જેનો સારાંશ કંઈક આવો હતો.

''પુષ્કળ હકડેઠઠ ભીડ છે ચારે બાજુ. આ ભીડમાં હું ચાલતો હતો, તે ચાલતો હતો, પેલો પણ ચાલતો હતો. બધા જ ચાલતા હતા. કોઈ સ્પષ્ટતાથી ચોક્કસપણે કહી શકે તેમ નહોતું કે તેઓને ક્યાં જવું હતું; શા માટે જવું હતું. આ ભીડથી હું અકળાયો હતો. મારી લગોલગ પાછળ ચાલતા માણસનું વજન મારા બરડા ઉપર આવતાં હું અસ્વસ્થ થયો ને મેં તેને જોવા મારી ડોક પાછળ વાળવા પ્રયત્ન કર્યો, પરંતુ ભીડ એટલી હતી કે મારા તે પ્રયત્નમાં હું નિષ્ફળ ગયો. આથી મારો હાથ જેમ તેમ કરી પાછળ ધકેલી પાછળ ચાલતા માણસનું કાંડું પકડી લીધું ને ઉગ્રતાથી કહેવા ગયો કે ''ભાઈ, તું મને ધક્કો શા માટે... પરંતુ હું આગળ બોલી ન શક્યો કારણકે મારો હાથ તેના કાંડાની નાડ ઉપર હતો. તેની નાડ ચાલતી નહોતી. તેની નાડ ચાલતી નથી તેથી તે જીવતો નથી ને છતાં તે ચાલે છે. મારી નાડ ચાલે છે ને હું પણ ચાલું છું... ના, ના પણ ખાતરી કરી લેવા દે કે મારી નાડ ચાલે છે?''

આજે બધાની કોઈ પણ લક્ષ્ય વિનાની આવી જ દોટ છે. મેરેથોન કરતાંય વધુ મોટી અને ઝડપી આ દોટ માનવમનની છે અને તે એટલી બધી ગતિશીલ છે કે માણસના મનમાં ઘોળાતા વિચારો સ્વયં પોતાથી આગળ નીકળી જાય છે. આથી સ્વયં જીવે છે કે પોતાનું અસ્તિત્વ છે કે નહીં તે ચકાસવા પોતાની નાડ પર હાથ મૂકવો પડે છે.


પરીકથાઓમાં ચિત્રિત રાજકુમારીની જેમ સર્વક્ષેત્રે વિવિધલક્ષી જ્ઞાનવિજ્ઞાન રાત્રે ન વધે તેટલું દિવસે વધે છે. પરિણામે પ્રાચીન વેદકાળથી અત્યાધુનિક વેબકાળ સુધીના ગાળામાં માણસે ઘણું મેળવ્યું છે. પરિવર્તન એ તો સમયનો સ્વભાવ છે અને તે આવકારદાયક છે. પરિવર્તન ન થાય તો માનવજીવન અને માનસજીવન સ્થગિત થઈ જાય. આ સમયના ગાળામાં મૂલ્યો બદલાયાં, અને તેની વ્યાખ્યાઓ અને તેના માપદંડ બદલાયાં. સંયુક્ત કુટુંબને ત્યાંથી વિભક્ત કુટુંબ ને પછી ન્યુકિલયર ફેમિલી તરફ આ યાત્રા દોરાઈ.

પરિવર્તન આવશ્યક છે. આ પરિવર્તન ક્રમશઃ અને તર્કબદ્ધ થાય તો બદલાતા સાંસ્કૃતિક, સામાજિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક મૂલ્યો અને વિચારધારા સહજતા અને સરળતાથી સમજી તેનું વિશ્લેષણ કર્યા બાદ સમજી અને પચાવી શકે. આ વેબકાળનાં પરિવર્તનો એટલાં ચીલઝડપી છે કે એક જ દિવસે માણસ બૉમ્બેમાં બ્રેકફાસ્ટ, લંડનમાં લંચ અને ડેટ્રોઈટમાં ડિનર લઈ શકે. આથી નથી તે નવી વિચારધારાના પ્રવાહને આંબી શકતો અને નથી પોતાને મૂળથી વિખૂટા થતાં રોકી શકતો. આજના માણસની આ કફોડી સ્થિતિ કવિ સ્વ. શ્રી સુરેશ દલાલે નીચેની પંક્તિઓમાં સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત કરી છે.

‘‘મારી પૂંછડીએ ઘડિયાળના કાંટા
ને બસમાં આંટા
ને ટ્રેનના પાટા
કે પૂંછડીએ દોડાદોડી રે લોલ

મારી પૂંછડીએ ફોનના વાયર
ને કારના ટાયર
હું કામમાં રિટાયર્ડ
કે પૂંછડીએ પડાપડી રે લોલ.’’

વેદકાળથી વેબકાળની આ યાત્રામાં ઘણુંબધું પ્રાપ્ત કર્યું એ હકીકત, પરંતુ સાથે સાથે કેટલું ખોયું તે પણ જાણવું જોઈએ. વેદકાળની આશ્રમશાળાઓમાં જ્ઞાની ઋષિ ગુરુપદે હતા. તેઓની રાહબરી હેઠળ યજ્ઞોપવીત સંસ્કાર પછી તેઓના આશ્રમમાં દાખલ કરેલો બાળક પ્રભાતના પહેલા પ્રહરમાં વેદોચ્ચાર સાથે અભ્યાસ શરૂ કરતો. શાસ્ત્રોક્ત અભ્યાસ સાથે સંસ્કૃત ભાષા અને સંસ્કૃતિ ગળથૂથી જ તેના વ્યક્તિત્વમાં વણાઈ જતી ગણિત, ખગોળશાસ્ત્ર, ભાષા, પર્યાવરણ અને તેને સંદર્ભિત વિજ્ઞાન કુદરતની ગોદમાં બેસી શીખતો. શિક્ષણ આપવા સહાયક બને તેવાં આજના જેવાં ઉપકરણો ન હોવા છતાં વિદ્યાર્થી પુખ્ત વયનો થાય ત્યાં સુધીમાં ગૃહસ્થાશ્રમમાં



કુટુંબના નિભાવ માટે આવશ્યક કૌશલ્ય - વિવિધલક્ષી અભ્યાસ કરી સુસજ્જ બનતો.

તે સમયે આજના વેબકાળ જેવાં વૈજ્ઞાનિક ઉપકરણો નહોતાં. તેથી જ્ઞાન હસ્તલિખિત અને મૌખિક હતું. પરિણામે મગજની સ્મરણશક્તિ અને પૃથક્કરણ શક્તિ કુશાગ્ર બનતી. અભ્યાસકાળ દરમિયાન ગુરુ તથા વિદ્યાર્થી વચ્ચે પરિસંવાદો પણ થતા.

સંયુક્ત કુટુંબો હતાં. રાત્રે સૂતાં પહેલાં દાદીબા પાસે આંકના ઘડિયા (આંકના પાડા - Table of multiplication) બાળકો બોલતાં. ગણિતના પિરિયડમાં પણ આંકના ઘડિયા બોલવાની પ્રથા હતી. આથી મૌખિક ગણિત (oral mathematics) સંગીન બન્યું. આજે કેલ્ક્યુલેટર આવવાથી આ ગણિત નબળું પડ્યું અને તેથી ૯માં ૧૩ ઉમેરવા હોય તો પુખ્ત વયના માણસો કેલ્ક્યુલેટર વિના અકળાય છે.

પત્રવ્યવહાર એ પરસ્પર સમાચાર અને વિચારવિનિમય કરવાનું મુખ્ય સાધન હતું. પત્રલેખનને પરિણામે આપણી ભાષા સઘન અને પોતદાર રહેતી. પત્રલેખન હસ્તલિખિત હોવાને પરિણામે શાળાથી જ સુંદર મરોડદાર અક્ષરલેખન ઉપર ધ્યાન અપાતું. ખરાબ અક્ષર એ અધૂરા જ્ઞાનની નિશાની ગણાતી.

વેબકાળમાં અને અત્યાધુનિક ઈલેક્ટ્રૉનિક ઉપકરણોનું આક્રમણ થયું. આજે જ્ઞાન તમારી આંગળીના વેઢે છે. કૉમ્પ્યુટર દ્વારા ગુગલ જેવા સર્ચ એન્જિન દ્વારા આધ્યાત્મિક, સામાજિક, વ્યવસાયી, ગાણિતિક, વૈજ્ઞાનિક, ઐતિહાસિક વગેરે અનેકવિધ ક્ષેત્રોની માહિતી મેળવવી હોય તો ઘરબેઠાં પળભરમાં આ ઉપકરણથી મેળવી શકાય છે. આપણે તો માત્ર

યોગ્ય બટનો જ દબાવવાનાં હોય છે.

આજે માણસને બધું પોર્ટેબલ - હાથવગું જોઈએ છે. તેથી ડેસ્કટોપ, લેપટોપ પછી તેમાંથી મળતી માહિતી તમારી હથેળીમાં સમાઈ જેવા તેવો મોબાઈલ, મિનિ કૉમ્પ્યુટરની ગરજ સાથે છે. આજે વૈશ્વીકરણ (globalisation)નો જમાનો છે. દુનિયા ઘણી જ નાની થતી જાય છે, પરંતુ તે સાથે માણસનું મન - તેનું હૃદય - પણ સંકુચિત થતું જાય છે.

અભિનંદન સંદેશાઓ હોય કે પછી આશ્વાસન સંદેશાઓ હોય - બધું જ ઈ-મેઈલ કે વોટ્સએપ દ્વારા ક્ષણમાત્રમાં મોકલી શકો. આજના વેબયુગના માણસો પાસે ક્લબ, કીટી પાર્ટી, થિયેટર કે નુક્કડ પર ગામગપાટા મારવાનો સમય છે, પરંતુ આત્મીયજન સાથે સંદેશાઓ કે પત્રવ્યવહાર કરવાનો સમય નથી. માણસ પાસે ધીરજ નથી તેથી સંકેત અને સંજ્ઞાની ભાષાની ટૂંકાક્ષરી પદ્ધતિ આવી. આપણી લાગણી અને પ્રતિભાવ દર્શાવવા માટે 'emotion' (વિવિધ લાગણી અને ઊર્મિ દર્શાવવા વપરાંતાં પ્રતીકો) આવ્યાં.

આજનું કૉમ્પ્યુટર આપણને માહિતીઓનું તૈયાર ભાણું પીરસે છે. હવે તો e-books આવતાં પુસ્તકતાલયોનું મૂલ્ય ઘટ્યું. ખુલ્લાં મેદાનમાં શારીરિક વ્યાયામ અને માનસિક સ્ફૂર્તિ મળે તેવી હુ-તુ-તુ, લંગડી, ખોખો, લગોરી જેવી રમતોનું સ્થાન સાઈબર કાફે કે વીડિયો પાર્લર કે સોસાયટી ક્લબ હાઉસમાં રમાતી વીડિયો ગૅમ્સે લીધું. વ્યાયામ માટે પુખ્ત વયના લોકોએ આધુનિક જિમ્નેશિયમનો આશરો લીધો. કુદરતની ગોદમાં આવેલાં પર્યટનસ્થળોને બદલે વોટર પાર્ક, ગૅમ્સ પાર્ક અને ખર્ચાળ રિસોર્ટ પર્યટન સ્થળો બન્યાં. ટ્રેકિંગ જેવી પ્રવૃત્તિઓ નેપથ્યમાં ધકેલાઈ.

કૌટુંબિક સંબંધો શિથિલ બન્યા. વિભક્ત કુટુંબો પણ લુપ્ત થયાં અને ન્યુક્લિયર ફેમિલી અસ્તિત્વમાં આવ્યાં. માણસો પોતાની ધરબાઈ ગયેલ નૈસર્ગિક ઊર્મિઓની આપ-લે કરી શકતા નથી. તેથી તહેવારો વ્યવહાર બન્યા અને તેનાથી ઉપરછલ્લાં માધ્યમો દ્વારા હૃદયને હળવું કરવા કરતાં ઝાંઝવાંનાં ઝળ પીધાનો સંતોષ અનુભવે છે.

સ્વ. કવિશ્રી સુરેશ દલાલે આ હકીકતને એક સરસ ઉક્તિમાં કહી છે -

''શ્યામ, તને ડિસ્કોમાં જોવાનું યાદ છે
સી.સી.આઈ. કે ઓબેરોય એમાં જે જૉય મળે
યમુનાના ઘાટની શી વિસાત છે?''

આજના વેબયુગના માણસે પ્રગતિ કરી, પરંતુ પાયાનાં મૂલ્યોની પરગતિ થઈ. આજનો માણસ બહારથી સુખી દેખાય છે, હકી શકે છે, પણ ઔપચારિક, આજના માણસની માનસિકતા પ્રતિબિંબિત કરતી સરસ વાત કહી છે કવિશ્રી ઉદયન ઠક્કરે -

''આજનો માણસ ઊઠે ત્યારે ઉઠમણું
ને બેસે ત્યારે બેસણું હોય છે.''

આજનો માણસ જીવે છે - જીવી જાય છે. ''જીવવું ઉત્સાહથી જીવવું, ઉત્કટતાથી જીવવું, આત્મીયતાથી જીવવનું એનું નામ જીવન.

વેદકાળથી વેબકાળના સમય દરમિયાન બદલાતા સંબંધ, સંસ્કાર અને સમીકરણોમાં સમતુલન જાળવવા ભગીરથ પ્રયત્નો કરવા સિવાય અન્ય વિકલ્પ નથી.

**દીનેશ બુચ**

# વેદથી Web

''કરતાં જાળ કરોળિયો
ભોંય થકી પછડાય
વણતૂટેલે તાંતણે
ફરી ચડવા જાય.''

આ કરોળિયાની વાર્તા, લગભગ વેદ કાળથી પ્રચલિત છે, પરંતુ વેદકાળ વિશે આપણે કેટલું જાણીએ છીએ? The Greatest Irony – વેદકાળ વિશેની માહિતી મેળવવા Most of us (At least) તો webની મદદ લીધી.

પહેલાં વેબ વિશે કારણ એ Recent છે.

web ને લીધે The world has become a global પાડોશી, સ્વ. ધીરુભાઈ અંબાણીનું સ્વપ્ન.

''કર લે દુનિયા મુઠ્ઠી મેં.'' એ સ્વપ્ન વેબે સાકાર કરી બતાવ્યું છે.

વેબ, શબ્દ બહુ નાનો, કામ બહુ મોટું. આજે આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ કે લગભગ બધી જ માહિતી વેબ પૂરી પાડે છે. હદ તો ત્યારે છે કે બહુ જ નાનાં બાળકો, વેબના તમામ Functionsથી સચેત છે. સવાલ એ છે કે "Do they really need to be?

માહિતી પૂરી પાડે છે વેબ, પરંતુ જિજ્ઞાસા–વિચારશક્તિનો મૃત્યુઘંટ વાગી જાય છે. જે વયે બાળકોએ Garden કે મેદાનમાં ધિંગામસ્તી કરવાની હોય એ વયે આ જ બાળકો Net ની સામે જોવા મળશે.

એટલિસ્ટ અમારા માટે Best web was દાદા બાપુ અને દાદી બા. અમારાં બાળકોની Best web was હું અને પ્રીતિ. આ માનવીય વેબનો મોટો ફાયદો એ હતો કે It was interactive તરત દાન અને મહાપુણ્ય. આ માનવીય વેબ એ, સંસ્કાર તેમ જ રમૂજનું સિંચન કર્યું. And there was genuine laughter all around. હવે તો દીકરાઓ મોટા થઈ ગયા છે, પરંતુ તેઓ હજી એ માનવીય વેબ ભૂલી શક્યા નથી.

એક વિચાર : Can any of us ever fax a hand shake or email a smile? The human web did that.

Webના ફાયદાઓ અકલ્પનીય છે, તો સામે પક્ષે નુકસાન પણ ઘણું છે. મેં મારા સ્વ. સસરાજી સેતુભાઈને એક Wapp કર્યું – Privileged to be blessed like a saint like father. Auto correctમાં Saint became shaitan, Well almost forced priti to leave me. Setoobhais reply, Better to bless a devil like son in law than a non participative human. Robot jadeja spun a web around the pakistani batsmen. તેવી જ રીતે Web, internet જાળ બિછાવી છે. દુનિયાને નજીક લઈ આવી છે, પરંતુ માણસને માણસથી દૂર કરી નાખ્યા છે. હવે થોડું વેદ વિશે.

ભૂદેવના ખભે રહેલા જનોઈના ત્રણ તારને મામૂલી ના સમજો સાહેબ, એ યમ, નિયમ અને સંયમ છે, એ ઋગ, સામ ને યજુર્વેદ છે. એ દેવ, દાનવ ને માનવ છે. એ સ્વર્ગ, પૃથ્વી ને પાતાળ છે. એ સત્ય, પ્રેમ ને કરુણા છે. એ આ સૃષ્ટિની, વૃષ્ટિની, પુષ્ટિની જવાબદારી છે.

શબ્દ સ્વચ્છંદી બને તો રોકવો પડે
મૌન તારી એ ફરજ છે ટોકવો પડે
વેદ શું છે એજાણવા તું વૃક્ષ પાસે જા
ભીતરે પણ છાંયડો છે શોધવો પડે
(ધુની માંડલિયા)

વેદ દુનિયાનો પ્રથમ ધર્મગ્રંથ છે.

આ ધર્મગ્રંથ ઉપરથી બીજા ધર્મોની ઉત્પત્તિ થઈ અને ભિન્ન ભાષાઓમાં તેનો અનુવાદ થયો.

વેદ ઈશ્વર દ્વારા સંભળાવાયેલ જ્ઞાન આધારિત છે. સામાન્ય ભાષામાં વેદનો અર્થ છે જ્ઞાન. વેદ પુરાતન જ્ઞાન, વિજ્ઞાનનો ભંડાર છે અને લગભગ બધી જ સમસ્યાઓનો જવાબ વેદમાંથી મળી રહે છે. દા.ત. બ્રહ્મ (ઈશ્વર) બ્રહ્માંડ, ગણિત, જ્યોતિષ, રસાયણ, પ્રકૃતિ ધાર્મિક નિયમ વ. વેદના ચાર પ્રકાર છે. ૧) ઋગ્વેદ, ૨) યજુર્વેદ, ૩) સામવેદ, ૪) અથર્વવેદ.

ઈશ્વર દ્વારા સંભળાવવામાં આવેલા જ્ઞાનને શ્રૃતિ કહે છે.

૧) બધી જ સ્થિતિઓનું જ્ઞાન એટલે ઋગ્વેદ અને આયુર્વેદ એ ઋગ્વેદનો ઉપવેદ છે.

૨) યજુર્વેદ - ગતિશીલતા. સૂર્ય, ચંદ્ર, તારા વ.નું જ્ઞાન આપે છે. યજુર્વેદમાં યજ્ઞમાં પ્રયોગ કરવામાં આવતા મંત્રો લખાયેલા છે. યજ્ઞ ઉપરાંત તત્ત્વજ્ઞાન પણ આમાં શામેલ છે.

૩) સામવેદ : રૂપાંતરણ સંગીત સૌમ્યતા અને ઉપાસના. સામવેદને સંગીત શાસ્ત્રનું મૂળ માનવામાં આવે છે.

૪) અથર્વવેદ : થર્વ એટલે 'કંપન' અને અથર્વ એટલે 'અકંપન'. જ્ઞાનથી શ્રેષ્ઠ કર્મ કરતાં કરતાં જે ઈશ્વરની ઉપાસનામાં લીન રહે છે એ જ અકંપન બુદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

વેદ અને વેબ શબ્દો બંને નાના, પરંતુ બન્ને અનિવાર્ય છે. જો વેબને આત્મા કહી શકાય તો વેદને પરમાત્મા.

વેદ સમગ્ર બ્રહ્માંડનું જ્ઞાન કરાવે છે તો વેબને અવશ્ય પાંચમો વેદ કહી શકાય, કારણ તે પિક્ચર્સ, એનિમેશન અને કલર્સ દ્વારા રસભર માહિતી પૂરી પાડે છે.

Ved is the key to triumph of good over evil જ્યારે Web can be filtered and helps us to choose just the good matter.

વેદ સદીઓથી આપણને સત્ય અને સારી વસ્તુઓ તરફ દોરી જાય છે, તો Web helps us to opt for the better વેદ Helps us to accept with serenity, things we can not change the courage to change the things we can and the wisdom to know the difference web, વેદ દ્વારા અપાયેલ wisdom નો સારો ઉપયોગ કરે છે.

પરમ વૈષ્ણવ આદરણીય સંત શ્રી નરસિંહ મહેતા પ્રમુખ વેદાચાર્ય છે. તેમણે ૬/૭૦૦ વર્ષ પહેલાં કહ્યું છે.

''અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ
ઝૂઝવે રૂપે અનંત ભાસે.''

તેમણે બહુ સુંદર વાત કરી છે.

''જે ગમે જગતગુરુ દેવ જગદીશને
તે તણો ખરખરો ફોક કરવો.''

વેદ અને વેબ ''પરમાત્મા અને આત્મા'' બન્નેનું સન્માન જાળવી Jio lala jio

**ભદ્રાયુ વૈષ્ણવ**

# ઘર વાપસી

વિદ્ ધાતુ પરથી બનેલ વેદ શબ્દનો અર્થ 'જાણવું' એમ થાય છે. હકીકતમાં બ્રહ્મજ્ઞાન - આત્મજ્ઞાન થવાથી નીકળેલ ઉચ્ચારો 'દર્શનશાસ્ત્ર' તરીકે ઉચ્ચારવા લાગ્યા અને જેણે તે સાંભળ્યા તેમણે 'શ્રુતિ' અને 'સ્મૃતિ' રૂપે મુખોચ્ચારથી જ જાણ્યા. આ રીતે આ મંત્રો જ્યારે કોઈ લિપિ ન હતી ત્યારે ઉચ્ચારણ દ્વારા જ એક પેઢીથી બીજી પેઢીમાં ઊતરી આવ્યા. આ વેદ એટલા ગોખાઈ ગયા હતા કે તેથી જ બે વેદ જાણનાર દ્વિવેદી, ત્રણ વેદ જાણનાર ત્રિવેદી અને ચાર વેદ જાણનાર ચતુર્વેદી કહેવાયા.

માનવમન હંમેશાં પ્રગતિ ઝંખે છે. આ દિશામાં તેના પ્રયત્નો સૈકાઓથી નિરંતર ચાલ્યા આવે છે. સમય જતાં માણસે લિપિ બનાવી અને ત્યાર બાદ વૃક્ષમાંથી પેપર આવી ગયા. ખૂબ આધુનિક સંશોધન એ જમાનામાં હશે જ્યારે વેદ પહેલી વખત પેપર પર મુકાયા હશે. શો આનંદનો અતિરેક થયો હશે જ્યારે વેદ ફક્ત સાંભળી જ નહીં પણ વાંચી પણ શકાયા હશે!

વળી આ તો માનવ મન છે. એક પ્રગતિથી



એ કાંઈ બેસી રહે તેમ હતો? મનના ચગડોળે ડોલતાં એણે પ્રિન્ટિંગ પ્રેસ બનાવી દીધું. કોઈ પણ લખાણની પ્રિન્ટની જેમ વેદ પણ હસ્તલિખિત પ્રતમાંથી પ્રિન્ટ કરેલા પેપર પર પથરાઈ ગયા. માત્ર એક, બે નહીં, પણ વેદની હજારો પ્રિન્ટ નીકળતી રહી. વેદ સર્વ સુલભ બની ગયા.

માનવનો પ્રગતિ પંથ તો આગળ વધતો જ રહ્યો, પરંતુ આ દોડમાં તેણે એ ખયાલ ન રહ્યો કે પેપર પર પથરાયેલ વેદ તનો મસ્તિષ્કમાંથી અદૃશ્ય થઈ રહ્યા હતા. પરિસ્થિતિ એ સર્જાઈ કે ગણ્યા ગાંઠ્યા લોક સિવાય વેદનું જ્ઞાન મનુષ્યને રહ્યું જ નહીં. સંસ્કૃત ભાષા પણ તેના મસ્તિષ્કમાંથી વિલીન થવા લાગી. આથી જ વેદમાં સમાવિષ્ટ વિષયો જેવા કે બાલશિક્ષણ, ગુરુમંત્ર વ્યાખ્યા, પ્રાણાયામ શિક્ષા, અગ્નિહોત્રનો ઉપદેશ, પંચમહાયજ્ઞો, વિદ્યાર્થીનું કર્તવ્ય, વિવાહ વિષય, સ્ત્રીપુરુષનું પરસ્પર કર્તવ્ય, ગૃહસ્થાશ્રમની શ્રેષ્ઠતા વગેરે ભુલાતાં ગયાં. સાથે સાથે જીવનના દરેક પાસાને આવરી લેતા વેદના વિષયો જેમ કે વ્યસન નિષેધ, વ્યાપારાદિમાં કરવિશ્વ, કરના પ્રકાર, આચાર-અનાચાર, ન્યાયની રીત, સ્થાપત્યનું વિજ્ઞાન, મૂર્તિપૂજા, ધર્મકૃત્ય વિધિ, બ્રહ્મચારીનું કર્તવ્ય, વગરેના આદર્શો પાનાં સુધી જ સીમિત રહ્યા. વેદના હાર્દસમા અગ્નિ, વાયુ, જળનું આહ્વાન અને સંવર્ધન, બંધન અને મોક્ષ જેવા અનેક વિષયો કે જે મનુષ્યને જીવનની આચાર-સંહિતા સમજાવતા હતા તે ભુલાઈ ગયા.

સમયના વહેણની સાથે પરિસ્થિતિ એવી સર્જાઈ કે મનુષ્ય જીવનસાગરમાં તરવાનું શીખ્યા વિના જ કૂદી પડવા માંડ્યો. ત્યાર બાદ જે મરજીવા (વેદ જાણકાર) મળે તેને પકડવા માંડ્યો. મરજીવા પણ જીવ બચાવવાની સાથે પોતાના સ્વાર્થને અનુરૂપ ઇચ્છિત ફળ માટે મનમાં જે આવે તેને 'વેદવાણી' કહેવા લાગ્યા.

મનુષ્યની આ ગતિ, અધઃગતિની સાથે સાથે માનવે ધારેલ પ્રગતિ પંથ તો પથરાતો જ ગયો. એક પછી એક સંશોધન માનવ જીવનને સુખ સગવડ અને સુવિધાપૂર્ણ બનાવતા ગયા. યંત્રોની શોધથી તો એનો પંથ જ પલટાઈ ગયો. જે વેદવાણીથી એ અગ્નિ, જળ, વાયુ, વૃક્ષ, પશુપંખીનું જતન કરતો હતો તેનો વિચારસરખો પણ કર્યા વિના તે વૃક્ષનું નિકંદન કાઢતો ગયો અને વાયુને પ્રદૂષિત કરતો ગયો. વળી એવી જ કોઈ ઉપલબ્ધિની ઇચ્છાથી તેણે એવું યંત્ર બનાવ્યું કે જેથી તેનાં સર્વ કાર્યો સરળ બની ગયાં. તેના મસ્તિષ્કનો સર્વ ભાર, સઘળી વિટંબણા તેણે સર્જેલ કૉમ્પ્યુટરે લઈ લીધી. તેનું કામ અત્યંત સરળ બન્યું. જ્યારે તેણે 'વેબ'થી કૉમ્પ્યુટરોને એક બીજા સાથે સાંકળી લીધા.

આ નવી શોધ, ટેક્નૉલૉજીથી મનુષ્યને ગજબની નિરાંત થઈ ગઈ. હાશ! મગજને કોઈ ભાર જ નહીં. મગજનો ભાર 'વેબે' લઈ લીધો અને દુનિયા નાની બની ગઈ. ગ્લોબલાઈઝેશન થઈ ગયું. ઈ મેલ, બ્લોગ, મનોરંજન, સ્વાસ્થ્ય, રમતો, ધર્મ, મ્યુઝિક, આર્ટ, સાહિત્ય, ભાષાઓ...

.... ન જાણે કેટલાય વિષયોની માહિતી અને કેટલુંય કાર્ય આંગળીઓની થોડીક ક્લિકથી જ શક્ય બન્યું. વળી હજારો પીએચ.ડી. ની ડિગ્રી ધરાવતા ડૉ. ગુગલે તો ભારે કરી નાખી. અગણિત વેબસાઈટનો ખડકલો કરી દીધો. અનેક સર્ચ એન્જિન આવી ગયાં. જે કાંઈ માહિતી જોઈએ તે સામે દૃશ્યમાન થાય. એક કામ માટે અનેક વેબસાઈટ ઉપલબ્ધ બની. અનેકનું કામ એકથી થવા લાગ્યું. મનુષ્ય એટલો બધો આનંદિત થઈ ગયો કે તે જાણે કૉમ્પ્યુટરના પ્રેમમાં જ પડી ગયો. અને તે પણ એટલી હદ સુધી કે તેને હવે તેના વિના જીવવું જ શક્ય લાગતું નથી. તે સર્વ કાર્યો તેના આધારે જ કરે છે અને 'સર્વર' ડાઉન થઈ જાય તો તે કાંઈ પણ કરવા સક્ષમ નથી. તેણે પાથરેલ 'વેબ'નું જાળું ચારેકોર એવું તો પથરાઈ ગયું છે કે મનુષ્ય પોતે જ બિછાવેલી જાળમાં ફસાઈ ગયો છે. સારા સાથે અનેક ખોટાં કાર્યો 'વેબ'ની મદદથી થઈ રહ્યા છે. જેને કેવી રીતે રોકવા તે મોટી સમસ્યા બની ગઈ છે. 'વાઈરસ'ના નામનો ખોફ વર્તાઈ રહ્યો છે. મનુષ્યે 'વેબ'થી દુનિયા તો નાની કરી જ દીધી છે, પણ સાથે સાથે તેનું માનસ પણ સંકુચિત બની ગયું છે. જેમ વેદ પ૫ર ૫ર પથરાવાથી મસ્તિષ્કમાંથી અદૃશ્ય થયા તેમ મસ્તિષ્કનું



કાર્ય કૉમ્પ્યુટરથી થવાથી તેની લાગણી, કલ્પના, વિચારશ્રેણી, લાક્ષણિકતા યંત્રવત્ બની રહ્યા છે. સાથે સાથે તેના જીવનના આદર્શો પણ લુપ્ત થતા જાય છે.

આપણે પ્રાચીન જીવનશ્રેણી તરફ નજર નાખીએ તો વેદ મનુષ્યને શુદ્ધતાથી જીવન જીવવાના પાઠ આપી તેનું નૈતિક સ્તર ઉત્કૃષ્ટ કરતા હતા. હકીકતમાં તેથી જ તેના જીવનમાં પવિત્રતા અને શુદ્ધતા આવતી અને આદર્શવાદનું તેથી જ આચરણ થતું હતું. આ આચરણ મનુષ્યને અલૌકિક શક્તિ પ્રદાન કરતું હતું. જે મસ્તિષ્કની ક્ષમતા ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ અને યજુર્વેદની એક લાખ ઋચાઓ યાદ રાખવા સક્ષમ હતું. તેણે સામન્ય કામો યાદ રાખવા 'રિમાઈન્ડર' મૂકવું પડે છે. પેપરની જેમ વેદ 'વેબ'માં પણ પથરાઈ ગયેલા છે, જેણે જોવા હોય, વાંચવા હોય તે વાંચે. બાકી આચરણનો પ્રશ્ન જ રહેતો નથી. મનુષ્યને 'વેબ'થી અનેકાનેક લાભ થયા છે, પરંતુ 'વેબે' મનુષ્યના મસ્તિષ્કની ક્ષમતાને અમુક હદે તો ક્ષીણ કરી જ નાખી છે. ભલેને મનુષ્ય વિકાસની દોડમાં દોડી રહ્યો હોય, પરંતુ તેને માટે આ આંટીઘૂંટીમાંથી નીકળવું મુશ્કેલ છે.

આમાંથી બહાર નીકળવાનો એક જ ઉપાય છે કે આપણે ફરી એક વાર 'વેબ'થી વેદ તરફની સફર શરૂ કરીએ. આપણી આ ગતિ આપણા સમાજના, દેશના અને સમગ્ર વિશ્વના ઉત્કર્ષનો માર્ગ બની રહેશે.

**અચલા વોરા**



# પૂજા-વિધિ અને તર્કસંગતતા

**न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते।**

ભગવદગીતાના ૪થા અધ્યાયના ૩૮મા શ્લોકમાં કહ્યું છે તેમ જ્ઞાન જેટલું પવિત્ર ખરેખર કશું જ નથી. ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ સમા વેદો જ્ઞાનનો ભંડાર છે. 'વેદ' શબ્દ સંસ્કૃત ધાતુ 'विद्' પરથી આવ્યો છે. 'विद्' એટલે 'જાણવું' (to know). તેથી જ આ અસીમિત જ્ઞાનથી ભરપૂર શાસ્ત્રો વેદ કહેવાય છે. આજના સમયમાં ઉપરના શ્લોકના પ્રથમ બે કે ત્રણ જ શબ્દો પર web search કરીએ તો search result માં શ્લોક વિશે પૂર્ણ માહિતી આપતી સેંકડો links display થાય છે. વર્તમાન સંદર્ભમાં વેબ પણ અસીમિત માહિતીનો ભંડાર છે તેમાં કોઈ શંકા નથી. વેદો આધ્યાત્મિક વિકાસની પરાકાષ્ઠાના પ્રતીક છે તો web (અથવા internet) techlonogical / scientific વિકાસની ધોરી નસ છે.

વાસ્તવમાં વેદોમાં વર્ણવેલી વિધિઓ અને અન્ય માહિતી તર્કસંગતતાથી ભરેલી છે, પરંતુ કાળક્રમે આપણે તાર્કિક કારણોને ભૂલી જઈને, માત્ર વિધિનું અનુકરણ કરતાં થઈ ગયા છીએ, અને એ કારણે જ આજની યુવાન પેઢી ધાર્મિક વિધિઓને કંઈક અંશે અણગમાની દૃષ્ટિએ જુએ છે. આવી જ આપણા રોજિંદા જીવનની એક મહત્ત્વની ક્રિયા નિત્ય કર્મમાં આવતી દેવતાઓની પૂજા,ની વિધિ પાછળ રહેલ તર્કસંગતતા અહીં રજૂ કરવાનો પ્રયત્ન છે.

કર્મકાંડ, જ્ઞાનકાંડ અને ઉપાસનાકાંડ વેદોનાં ઉપાંગો છે. જેમાં કર્મકાંડના યજ્ઞ અને અન્ય ધાર્મિક વિધિઓ કેવી રીતે કરવી તેની માહિતી છે. આ યજ્ઞો, જે પૂર્વ કાળમાં અગ્નિના આહ્વાન સાથે થતા, તે કાળક્રમે અનેક ફેરફારોને અંતે, બદલાતા સંજોગોને લક્ષમાં રાખીને, આજની પૂજામાં રૂપાંતર પામ્યાં. તેથી જ પૂજાના દેવતાને માત્ર મૂર્તિ કે છબીન ગણતાં, તેને પ્રત્યક્ષ હાજર ગણવામાં આવે છે અને ઘરે આવેલ અતિથિની જેમ જ આવકાર આપી આદરસત્કાર કરવામાં આવે છે. પૂજાની વિધિ અને તેને લગતી તાર્કિક સમજણ વિશેની વિગતો નીચે આપેલ છે.

આચમન અને પ્રાણાયામ :

હિંદુ, સંસ્કૃતિમાં કોઈ પણ પૂજાનો પ્રારંભ આચમનથી કરવામાં આવે છે. આચમન એટલે આચમનીથી હથેળીમાં ત્રણ વખત પાણી લઈ, હોઠેથી ગ્રહણ કરી, ચોથી વખત હસ્ત પ્રક્ષાલન કરવું તે. આ વિધિ પાછળનો હેતુ જીભ, હોઠ તેમ જ ગળાને જરૂર પૂરતું (અને માત્ર જરૂર પૂરતું જ) પલાળવાનો છે. પાણીનાં બે કે ત્રણ જ ટીપાં શરીર પર અને મનને સ્ફૂર્તિમય બનાવી દે છે. પાણી તત્કાળ જ્ઞાનાત્મક કાર્યક્ષમતા (cognitive perfomanance)નો

વેગ વધારે છે. તે વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલું છે. પૂજાવિધિના એકથી દોઢ કલાક દરમિયાન યજમાને પોતાના ચિત્તને ઈશ્વરમાં કેન્દ્રિત કરવાનું હોવાથી તે દરમિયાન તરસ ન લાગે તે જરૂરી છે. તે જ રીતે વધુપડતું પાણી પીવાથી થતી કુદરતી ક્રિયા માટે પણ ઊઠવાની જરૂર ન પડવી જોઈએ. તેથી સમત્વ જાળવીને જરૂર પૂરતું જ પાણી પૂજાની શરૂઆતમાં પીવું તે આચમન પાછળનો ઉદ્દેશ છે.

આચમનથી શારીરિક સ્થિરતા આવે છે તો પ્રાણાયામથી માનસિક સ્થિરતા આવે છે. પ્રાણાયામ = પ્રાણ + આયામ; પ્રાણ પર નિયમન. પ્રાણનું શરીરમાં વ્યક્ત થયેલ રૂપ એટલે શ્વાસોચ્છ્વાસ, અને શ્વાસોચ્છવાસનું મનથી નિર્ધારિત રીતે નિયમન કરવું તેનું નામ પ્રાણાયામ. ગાયત્રી મંત્રના પઠન સાથે અનુલોમ-વિલોમ કરવાથી શરીરને ઑક્સિજન મળે છે અને ટૉક્સિક કાર્બન ડાયોક્સાઈડ નીકળી જાય છે. આથી શરીરમાં શક્તિનો સંચાર થાય છે. આ વાતની વિજ્ઞાન સાબિતી આપે છે. આ કારણે મન એકાગ્ર કરવું સરળ બને છે.

**સંકલ્પ :**

આચમન અને પ્રાણાયામ પછી સંકલ્પ કરવામાં આવે છે. સંકલ્પ કરવા પાછળ બે મુખ્ય હેતુઓ છે - એક કે પૂજાના સમય દરમિયાન કોઈ વિઘ્ન ન આવે તે માટેનો મનથી નિર્ધા કરવો અને બીજો કે તે બ્રહ્માંડમાં રહેલી શક્તિને આમંત્રિત કરવી. વિજ્ઞાનમાં મહદંશે સિદ્ધ થયેલું છે તે મુજબ બ્રહ્માંડની સમગ્ર શક્તિ એક જ છે. (તેને જરૂરિયાત પ્રમાણે ઈલેક્ટ્રિકલ, મેકેનિકલ, કેમિકલ વગેરે એનર્જીમાં રૂપાંતરિક કરવામાં આવે છે.) સંકલ્પના શ્લોકોથી આપણે બ્રહ્માંડની શક્તિને આપણી પૂજાના ચોક્કસ સ્થળ અને સમય (સ્પેસ અને ટાઈમ)ની જાણ કરીએ છીએ જેથી તે સકારાત્મક શક્તિ પૂજાના સ્થળે કેન્દ્રિત થાય. અહીં પ્રશ્ન એ ઊઠે છે કે આવડા મોટા બ્રહ્માંડમાં આપણા ઘરનું ચોક્કસ સ્થળ અને સમય કેવી રીતે જણાવાય? આપણાં હજારો વર્ષો પૂર્વે લખાયેલાં શાસ્ત્રોમાં આ માટેની પણ જોગવાઈ છે. એ ખરેખર જ આશ્ચર્યકારક છે. તેથી જ સંકલ્પના શ્લોકોમાં કલ્પ, મન્વંતર, યુગ, ચરણ વર્ષ, સંવત્સર, આયન (ઉત્તરાયન/દક્ષિણાયન) ઋતુ, મહિનો, પક્ષ, વાર, નક્ષત્ર, ચંદ્ર, રાશિ, ગુરુ રાશિ વગેરે અનેક પરિણામોનો ઉલ્લેખ છે.

**પંચમહાભૂતની પૂજા :**

સંકલ્પ પછી આસન, કળશ, શંખ, ઘંટડી અને દીવાની પૂજા કરવામાં આવે છે. આસન, કળશ, શંખ, ઘંટડી અને દીવો એ પંચતત્ત્વનાં પ્રતીક છે. આ પાંચ તત્ત્વો એટલે, પૃથ્વી, જળ, આકાશ, વાયુ અને અગ્નિ. આસન શુદ્ધિ દ્વારા પૃથ્વને પ્રાર્થના, કળશની પૂજા દ્વારા વરુણ દેવતાને આવાહન, શંખ ('ખ' એટલે આકાશ) દ્વારા આકાશ તત્ત્વની પૂજા. ઘંટડીનો નાદ પ્રસરાવવા હવાની જરૂર છે. તેથી ઘંટડી વાયુ દેવતાનું પ્રતીક છે. અને દીવો અગ્નિ દેવતાનું પ્રતીક છે. આપણું શરીર

પંચમહાભૂતનું બનેલું છે. બ્રહ્માંડમાં દરેક જગ્યાએ પંચમહાભૂતનો વાસ છે. આસન, કળશ, શંખ, ઘંટડી અને દીવાની પ્રતીકાત્મક પૂજા આપણી બ્રહ્માંડ સાથે એકાકાર થવાની ભાવના દર્શાવે છે. પંચમહાભૂતની પૂજા પછી મુખ્ય દેવતાની પૂજાવિધિ ચાલુ થાય છે.

**આવાહન અને આસન :**

આપણી સંસ્કૃતિમાં ઘરે આવેલ અતિથિને ‘આવો આવો’ કરીને બેસવા માટે આસન આપવાનો રિવાજ છે. તે જ પ્રમાણે આવાહન દ્વારા આપણે દેવતાને આપણા ઘરે આમંત્રિત કરીએ છીએ અને આસન તરીકે અક્ષત ચડાવીએ છીએ.

**પાદ્ય અને અર્ઘ્ય :**

બહારથી આવીને સૌ પ્રથમ હાથ-પગ ધોવાનો રિવાજ આપણે ત્યાં પરાપૂર્વથી ચાલ્યો આવે છે. આપણે ત્યાં આમંત્રિત કરેલ દેવતાને પાદ્ય અને અર્ઘ્ય દ્વારા પગ અને હાથ ધોવડાવવાની ભાવના છે. તે માટે હળદર અને ચંદનયુક્ત પાણી ચડાવવામાં આવે છે. જે જંતુનાશક અને સુગંધદાયક છે. આજે જેને આપણે hand અને disinfector કહીએ છીએ તેનો ઉપયોગ આપણાં હજારો વર્ષો પૂર્વે લખાયેલાં શાસ્ત્રોમાં, કુદરતી તત્ત્વો વાપરીને બતાવેલો છે. તેથી જ અર્ઘ્ય અને પાદ્ય સાદા પાણીથી ન કરતાં, હળદર-ચંદન યુક્ત પાણીથી કરાય છે. પ્રતીકાત્મક દૃષ્ટિએ પાદ્ય અને અર્ઘ્ય દ્વારા નકારાત્મકતા ધોઈ કાઢવાની ભાવના છે.

**પંચામૃત સ્નાન :**

દૂધ, દહીં, ઘી, મધ અને શર્કરાનું નિશ્ચિત પ્રમાણમાં મિશ્રણ એટલે પંચામૃત. આ પાંચેય દ્રવ્યોના ગુણધર્મો અલગ અલગ છે અને તેથી જ પંચામૃત સ્નાન આ પાંચેય ચીજોથી અલગ અલગ ક્રમશઃ કરવામાં આવે છે. આજના જમાનામાં beauty parlour માં જઈ, ચહેરા પર નિખાર લાવવા કંઈ કંઈ ઉપચારો કરાવાય છે. વાસ્તવમાં પંચામૃત સ્નાનથી તેટલા જ, બલકે તેનાથી પણ વધારે ફાયદા થાય છે. જો પૂજાની વિધિની મારફત આજની પેઢી આ ફાયદાઓથી વાકેફ થાય તો સમય, શક્તિ અને પૈસાના બચાવ સાથે તેમનું કુદરતી સૌન્દર્ય સહેલાઈથી જળવાય રહે.

પંચામૃતનું દરેક દ્રવ્ય બાહ્ય રીતે (ત્વચા પર) આંતરિક રીતે (શરીરનાં અવયવો પર) અને આધ્યાત્મિક રીતે (મન પર) જુદી જુદી અસર કરે છે.

દૂધ બાહ્ય રીતે ત્વચાને સાફ કરી, ઊજળી બનાવે છે. (cleansing and antitanning). દૂધ ગાય અને વાછડા વચ્ચેના પ્રેમનું પ્રતીક છે. તેનું સેવન શરીરને પોષણ આપે છે અને સાત્ત્વિકતા વધારે છે.

દહીં ત્વચારોગ માટે ફાયદાકારક છે. ત્વચા પર ચમક લાવે છે. (brings glow to the skin). દહીંના સેવનથી કેલ્શિયમ વધે છે અને હાડકાં મજબૂત થાય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ દહીં સ્થિરતાનું

પ્રતીક છે. થોડી જ માત્રામાં દૂધમાં ભેળવવાથી દૂધમાં સ્થિરતા આવે છે. તેથી કોઈ શુભ કામ માટે છૂટા પડતી વખતે સંબંધોમાં સ્થિરતા ટકાવી રાખવા દહીં વાંદવાનો રિવાજ છે.

● ઘી ત્વચાની રુક્ષતા કાઢી, ત્વચાને સ્નિગ્ધ બનાવે છે. આંતરિક રીતે સાંધાઓને સુંવાળા (lubricate) કરે છે અને સ્નાયુઓને મજબૂત કરે છે. ઘી દૂધનું ઉચ્ચતમ સ્વરૂપ છે. દૂધનું સત્ત્વ એટલે ઘી. આધ્યાત્મિક દૃષ્ટિએ ઘીનો ઉપયોગ, ઈશ્વરનું સત્ત્વ આપણામાં આવીને વસવાની ઈચ્છાનું સૂચન કરે છે.

● મધ લગાવવાથી ત્વચા પરની વધારાની ચીકાશ દૂર થાય છે. આંતરિક રીતે શરીરને પોષણ આપે છે. મધ જેમાં ભળે તેના ગુણ વધારે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ આપણું જીવન મધ જેવું બને, બીજાને ઉપયોગી નીવડે તેવું સૂચન છે.

● સાકર સૂકી ત્વચા ખેરવી (scrubbing) ત્વચા પર તાજગી લાવે છે. લોહીમાં ભળે ત્યારે શક્તિનો સંચાર કરે છે અને આધ્યાત્મિક દૃષ્ટિએ ઈશ્વર સાથે એકાકાર થવાની ભાવના સૂચિત કરે છે.

આમ પંચામૃતનાં પાંચ તત્ત્વો પાછળ ઘણો જ ગૂઢ અર્થ રહેલો છે.

**વસ્ત્રાર્પણ અને યજ્ઞોપવીત :**

સ્નાન પછી ઈશ્વર રૂપમાં આવેલ અતિથિને કટીવસ્ત્ર અને ઉત્તરીય એમ બે વસ્ત્ર અર્પણ કરવામાં આવે છે. આજે આપણે કબાટો ભરીને કપડાં ભેગાં કરીએ છીએ. માત્ર બે જ વસ્ત્રનું સમર્પણ એ સૂચિત કરે છે કે કપડાંનો ઉપયોગ શરીરને ઢાંકવા માટે કરવો જોઈએ અને જરૂરતથી વધારે સંગ્રહ ન કરવો જોઈએ. યજ્ઞોપવીત એટલે તેજસ્વી જીવનની દીક્ષા અને આધ્યાત્મિક જીવન જીવવા માટેના સંકલ્પનું પ્રતીક. યજ્ઞોપવીતના સંસ્કાર દ્વારા ગુરુ મંત્ર મળે છે જેનો જપ કરવાથી બુદ્ધિ અને એકાગ્રતા વધે છે જે આધ્યાત્મિક જીવનની શરૂઆત છે. આમ યજ્ઞોપવીત એક મહત્ત્વનો સંસ્કાર છે.

**વિલોપન અને પુષ્પાર્પણ :**

ચંદન, સિંદૂર, કંકુ, અષ્ટગંધા વગેરે પરિમલ દ્રવ્યો ઈશ્વરને ચડાવીએ તે વિલોપન કહેવાય. આ બધાં જ દ્રવ્યોનું ઔષધીય મહત્ત્વ છે. ચંદન શીતળતા પ્રદાન કરે છે. સિંદૂરનો લેપ મૂઢમાર પર લગાવવાથી રાહત થાય છે. હળદર રક્ત શુદ્ધ કરે છે. શરીરમાં થતા હોર્મોનલ બદલાવને સંતુલનમાં રાખવા માટે હળદરનો ઉપયોગ થાય છે. ઉપરાંત ત્વચારોગ માટે antiseptic તરીકે વપરાય છે. કંકુ, હળદર અને ગૂગળમાંથી બને છે. તેનામાં રક્ત પરિભ્રમણ સંતુલનમાં રાખવાનો ગુણ છે. બે ભ્રમરોની વચ્ચે લગાવવાથી pitutary ગ્રંથી પર તેની સકારાત્મક અસર થાય છે. અષ્ટગંધા એ ચંદન, કેસર અને અન્ય જડીબુટ્ટીઓનું મિશ્રણ છે, જે ત્વચારોગ શુદ્ધિ, મન શુદ્ધિ અને રક્ત શુદ્ધિ માટે વપરાય છે. પુષ્પાર્પણ માટે ઔષધીય ગુણોવાળા, આરોગ્યદાયી ફૂલો વપરાય છે. જેના વિશેની વિગતવાર માહિતી પૂજા

દરમિયાન આપવાથી તે જ્ઞાન ભવિષ્યની પેઢી સુધી કાયમ રહે છે.

**નૈવેદ્ય અને તાંબુલ :**

નૈવેદ્ય ધરાવવા પાછળ સમર્પણની ભાવના છે. આપણા શરીરના પંચવાયુ - પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન - આપણે નૈવેદ્ય દ્વારા સમર્પિત કરીએ છીએ. આ ઉપરાંત, આ પંચપ્રાણ સ્વરૂપે આપણે આપણા અહંકારને સમર્પણ કરી, ત્યાગ કરીએ છીએ. કેટલાંક ઘરોમાં જમણ પછી (અને ભારે જમણ પછી તો ખાસ) પાનનાં બીડાંનો રિવાજ આજે પણ છે. નાગરવેલના પાનમાં પાચનશક્તિ વધારવાનો ગુણ છે. જુદા જુદા આરોગ્યવર્ધક તેજાના નાખી બનાવેલ પાનનું બીડું પ્રસાદમાં ધરાવીને ખાવાથી ભોજન પચવામાં સરળતા રહે છે.

**દક્ષિણા અને ફળ સમર્પણ :**

દક્ષિણા આપતી વખતે આચમનીથી પાણી મૂકવામાં આવે છે. પાણી મૂકવાની ક્રિયા દક્ષિણા પરનો આપણો હક્ક ત્યાગવાનું સૂચન કરે છે. જ્ઞાનનું દાન કરનારા બ્રાહ્મણને આપવાથી તે દક્ષિણાનો સદુપયોગ થાય તે ભાવના છે. દક્ષિણા, ફળ, સમર્પણ માટે આપવાનાં ફળો મીઠાં અને રસાળ હોય તે જરૂરી છે. પ્રતીકાત્મક દૃષ્ટિએ યજમાન, ઈશ્વર પાસે પૂજાનાં ફળ રૂપે એવાં જ મીઠાં અને રસાળ જીવનની આશા રાખે છે.

**તીર્થ પ્રાશન :**

પૂજાની સમાપ્તિ રૂપે તીર્થ પ્રાશન કરવું જરૂરી છે. તીર્થ પ્રાશન એટલે દેવને ચડાવેલ પ્રવાહીમાંથી થોડું પ્રસાદી રૂપે ગ્રહણ કરવું તે. ઈશ્વરને અર્પણ કરેલ આચમન, સ્નાન, અભિષેક વગેરેમાંથી તૈયાર થયેલ તીર્થમાં ઔષધી, વનસ્પતિ, પંચામૃત, ધાતુ વગેરેનું મિશ્રણ હોય છે. ઉપરાંત પૂજા દરમિયાન કરેલ મંત્રોચ્ચારથી કેન્દ્રિત થયેલ સકારાત્મક શક્તિ અવાજનાં મોજાં (sound waves) દ્વારા અને સૂક્ષ્મ તરંગો (subtle vibrations) દ્વારા તીર્થમાં એકત્રિત થાય છે. તેવા તીર્થનું પ્રાશન કરનાર વ્યક્તિનો બૌદ્ધિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ થાય છે.

**આરતી અને ધૂપ :**

વૈજ્ઞાનિક દૃષ્ટિએ આરતી અને ધૂપ વાતાવરણની શુદ્ધિ માટે છે. આરોગ્યની દૃષ્ટિએ સંધિવાત માટે ગૂગળના ધૂપનો લેપ ઘણો અકસીર છે. આધ્યાત્મિક દૃષ્ટિએ પૂજા દરમિયાન કેન્દ્રિત થયેલ શક્તિ યજમાનના સગાંસંબંધીઓમાં, સમાજમાં, રાષ્ટ્રમાં, વિશ્વમાં સકારાત્મકતા પ્રસરાવે તે ભાવના છે.

પૂજાવિધિ સાથે સંકળાયેલ ઉદ્દેશ ઘણો ગૂઢ છે. તેની દરેક પ્રક્રિયા સાથે બુદ્ધિગમ્ય, તાર્કિક, વૈજ્ઞાનિક કારણો સંકળાયેલાં છે. આ વિષયનો ઊંડો અભ્યાસ ઘણો જ્ઞાનદાયી છે. અહીં મેં મારી સમજ પ્રમાણે માહિતી આપી છે. જો કોઈ ભૂલચૂક લાગે તો મને જાણ કરવા નમ્ર વિનંતી છે.

**ચેતના મહેતા**

# વેદકાલીન કલા સંસ્કૃતિનો આરંભિક યુગઃ હડપ્પન સંસ્કૃતિના સંદર્ભમાં

કોઈપણ પ્રદેશ કે શહેરના પ્રવાસન ઉદ્યોગના વિકાસમાં ભાગ ભજવતાં પરિબળોમાં આપણા સાંસ્કૃતિક વારસાનું જતન કરતાં સ્મારકોનું યોગદાન પણ વિશેષ રહ્યું હોય છે. આપણા સીમાવર્તી જિલ્લા કચ્છના પ્રવાસન ઉદ્યોગમાં અને દેશના સાંસ્કૃતિક વારસમાં મહત્ત્વનું સ્થાન ધરાવતી હડપ્પીય વસાહતોમાંથી મળી આવતા પુરાવાઓ કહે છે કે, આપણી વર્તમાન સંસ્કૃતિ અને સંસ્કારનાં મૂળ એ પ્રાચીન વેદકાલીન સંસ્કૃતિમાં રહેલાં છે. કચ્છની આ તમામ હડપ્પીય વસાહતોનો ટૂંક પરિચય એક જ સાથે મેળવી આપણા સાંસ્કૃતિક વારસા તરફ જાગૃતિ લાવવાનો અહીં પ્રયાસ કરાયો છે. કચ્છમાં ૨૦૦થી વધારે હડપ્પીય વસાહતો હોવાનું પુરાતત્ત્વવેતાઓએ શોધી કાઢ્યું છે. તે પૈકી ૬૦ વસાહતોની ઓળખ કરી શકાઈ છે અને તેમાંની કેટલીક વસાહતોનું ઉત્ખનન કાર્ય ચાલુ છે. કચ્છની આ વસાહતોમાં ધોળાવીરા, કુરન, ખીરાસરા (નેત્રા), કાનમેત, શિકારપુર, દેશલપુર (ગુંતલી), પાબુમઠ, ભડલી, નાની રાયણ વગેરેનો સમાવેશ થાય છે આ વસાહતોમાં ગુજરાત સરકાર, ભારત સરકાર કે કેટલીક યુનિવર્સિટી તરફથી ઉત્ખનન કરાયું છે. તો સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી લોથલ, કુંતાસી જેવા અનેક નગરો મળી આવ્યાં છે.

છેલ્લા સેંકડામાં કચ્છ પ્રદશે વિકાસ-વિપત્તિ અને અનેક પ્રકારની લીલી સૂકી ઘટનાઓની તવારીખ નિહાળી છે અને આ ઘટનાઓની સાથે માનવ જીવનના અસ્તિત્વનાં પદચિહ્નો શોધવાનો પ્રયાસ પણ આપણી સરકારો અને અનેક શૈક્ષણિક સંસ્થાઓએ કર્યો છે. જેને પરિણામે ધોળાવીરા જેવી ઉત્કૃષ્ટ હડપ્પીય વસાહતની સાથોસાથ એના જેવી બીજી અનેક વસાહતો શોધી શકાઈ. માનવીના જન્મથી મૃત્યુ સુધીના ઘટનાક્રમની વાત હડપ્પીય વસાહતોમાં સચવાઈ હોય તો તે એકમાત્ર ધોળાવીરામાં જ. દેશની હડપ્પીય વસાહતોનો ઈતિહાસ ધોળાવીરાના ઉલ્લેખ વગર શૂન્ય છે. સિંધના મોહેંજો દરો કરતાં નાની વસાહત હોવા છતાં ધોળાવીરાનું મહત્ત્વ હડપ્પીય નગરોમાં અદકેરું છે.

વિશાળ સિંધુ નદીના કાંઠે વિકાસ પામેલી જગતની સૌથી પ્રાચીનતમ લેખાતી સિંધુ સંસ્કૃતિ કે હડપ્પાકાલીન સંસ્કૃતિ તરીકે જાણીતી છે. આ શબ્દકાળ સૂચક છે. કારણકે, સિંધુ નદીના કાંઠેથી લઈને છેક હડપ્પા, લોથલ, ધોળાવીરા, અને મહારાષ્ટ્રમાં ડાઈમાબાદ સુધી વિકસેલી આ સંસ્કૃતિને સિંધુકાલીન અથવા હડપ્પાકાલીન સંસ્કૃતિ તરીકે જ ઓળખવામાં આવે છે. આ સંસ્કૃતિ પાંચ હજારથી વધારે વર્ષ પ્રાચીન હોવાનું પુરવાર કરી શકાયું છે.

કચ્છ એક સમયે અનેક ટાપુઓમાં વહેંચાયેલો

હતો. હાલે જે કચ્છનું રણ છે તે એક સમયે વિશાળ દરિયો હતો અને કાળક્રમે તેનું રણમાં પરિવર્તન થયું છે જે હકીકત પણ પુરવાર થયેલી છે. તેને જોતાં ધોળાવીરા એ સમયે મોટું બંદર હશે અને એ સમયની વસાહતો સાથે બંદરીય માર્ગે જોડાયેલું હશે.

ધોળાવીરા પૂર્વ કચ્છના ખડીર બેટમાં આવેલું છે. આ બેટ ચારે તરફથી ઘેરાયેલો છે. ઈ.સ. ૧૯૭૦ના દાયકામાં કચ્છમાં પડેલા દુષ્કાળના સમયમાં ખડીર વિસ્તારમાં ચાલી રહેલા એક રાહતકામ દરમિયાન શંભુદાનભાઈ ગઢવીને એક મુદ્રા મળી. આ મુદ્રા કંઈક વિશેષ જણાતાં તેમણે તેને સંબંધિત સત્તાધીશો સુધી પહોંચાડી અને આ પછી આરંભાઈ અતીતનાં સ્પદંનો ઝીલવાની કવાયત.

૧૯૯૧ના ગાળામાં ભારત સરકારના પુરાતત્ત્વીય સર્વેક્ષણના વડા શ્રી બીસ્ટ અને તેમના સાથીદારોએ ઉત્ખનન કાર્યનો આરંભ કર્યો. પરિણામે ત્રણ ભાગમાં વહેંચાયેલું એક વિરાટ સિંધુ નગર પ્રકાશમાં આવ્યું. તમામ દૃષ્ટિએ જોતાં કંઈક ને કંઈક વિશિષ્ટતાવાળું આ નગર સિંધુ સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો પુરવાર થયું અને જેણે કચ્છને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી દીધી. પુરાતત્ત્વ ક્ષેત્રે છેલ્લા છ દાયકાની આ સૌથી મોટી ઘટના પુરવાર થઈ.

હડપ્પીય ધોળાવીરાની ખાસ ધ્યાન ખેંચે તેવી તેની કિલ્લેબંદી છે. મુખ્ય મહેલ કે જેને 'સિટાડેલ' કહેવામાં આવે છે. તે ખૂબ જ મજબૂત કિલ્લાથી રક્ષવામાં આવ્યો છે. બીજો કિલ્લો આ મહેલ તેમ જ ઉપલા નગરની સુરક્ષા માટે બાંધવામાં આવ્યો છે.

આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે પણ કચ્છનું આ શહેર (આજની જેમ) દુશ્મનોથી સાવધ હશે તે આ ઉપરથી અંદાજ કરી શકાય છે. અહીંના સુશોભિત સ્તંભો પણ વિશેષ છે. આ સ્તંભો શાના હોઈ શકે તે સંશોધનનો વિષય છે, પરંતુ પુનાની ડેક્કન કૉલેજના પૂર્વ નિયામક ડૉ. એમ. કે. ધવલીકરનું માનવું છે કે આ શંકુ આકારના આ સ્તંભો કોઈ સ્મારક સ્તંભો હોઈ શકે છે. સિંધુકાલીન લોકો કલાના ઉપાસક ન હતા એવી માન્યતાને ધોળાવીરાએ જબરી શિકસ્ત આપી છે. ધોળાવીરાના મહેલના ચારે દરવાજા કોતરણીવાળા પથ્થરોના બનેલા છે અને આ પ્રકારનું સ્થાપત્ય બીજે ક્યાંય પણ જોવા મળ્યું નથી. આ જ હકીકત પુરવાર કરે છે કે, આપણી વર્તમાન કલા સંસ્કૃતિનાં મૂળ હડપ્પીય સંસ્કૃતિમાં રહેલાં છે.

ધોળાવીરામાંથી મળી આવેલું એક વિશાળ બૉર્ડ પણ રસપ્રદ છે. જેના પર સિંધુ લિપિમાં અક્ષરો લખવામાં આવ્યા છે. આ બૉર્ડ પર લુગદી જેવા પદાર્થ વડે ચોડીને મણકાઓથી લખાયેલા ૧૦ અક્ષરો કે સંજ્ઞાઓ છે. હજુ સુધી આપણે સિંધુ લિપિ ઉકેલી શક્યા નથી. જ્યારે પણ લિપિ ઉકેલાશે ત્યારે આ બોર્ડ પરની સંજ્ઞાઓનો ઉકેલ ખૂબ જ રસપ્રદ નીવડશે એ ચોક્કસ છે. જોકે હાલમાં આ લિપિનો ઉકેલ શોધાયો હોવાના અહેવાલો આવ્યા હતા, પરંતુ તેને સમર્થન પ્રાપ્ત થયું નથી.

અહીં પાણીની બચત કરવા માટે વરસાદી પાણીનો સંગ્રહ કરવાના અને દૂરની નદી તેમ જ ઝરણામાં પાણી લઈ આવવાની સુંદર યોજના જોઈ શકાય છે. મહેલમાં પાણીનું એક મોટું ટાંકું છે. જેમાં વિશાળ ગરનાળા દ્વારા નદીનું પાણી લાવવાની વ્યવસ્થા છે અને આ ગરનાળું ભૂગર્ભમાં હોવાથી કિલ્લો બંધ હોવા છતાં પણ પાણીનો આ પ્રવાહ ચાલુ રહે છે. વરસાદી પાણી ભેગું થઈ તળાવમાં ભરાય તેવી રચના પણ છે. નહાવાનો એક મોટો હોજ પણ અહીં છે.

મહેલની બાજુમાં રમતગમતનું વિશાળ મેદાન છે. એ મેદાનની એક તરફ મહેલમાં બેઠેલી વ્યક્તિઓ અને બીજી તરફ નગરજનો બેસીને રમતગમત કે અન્ય કાર્યક્રમો જોઈ શકે. મહેલથી થોડે દૂર ઊપલું નગર છે. જેમાં ધનિકો અને વેપારીઓ વસતા હશે. બેથી પાંચ ઓરડાવાળાં મોટાં મકાનો પથ્થરોનાં બનાવેલાં છે. ખૂબ જ વ્યવસ્થિત કાટખૂણે કાપતા રસ્તાઓ છે. વપરાયેલાં પાણીના નિકાલ માટે અહીં સુંદર ગટર વ્યવસ્થા જોવા મળે છે. દરેક ઘરમાંથી નીકળતું પાણી ઘરની બહાર રહેલી ભોખાળ જેવા માટલામાં અને ત્યાંથી ગટરમાં લઈ જવાતું. ઘરેણાં બનાવવાની, મણકા બનાવવાની અને તેમાં કાણા પાડવાની હાર પણ અહીં જોવા મળી છે.

આ ઉપલા નગરથી દૂર એક ગરીબ વસ્તી હોવાનું જણાય છે. જેને પુરાતત્ત્વવિદો નીચલું નગર કહે છે. અહીં કાચાં-પાકાં નાનાં મકાનો દેખાય છે. શ્રમિક વર્ગ માટે પણ મેલાં પાણીના નિકાલની વ્યવસ્થા ઉપલા નગર જેવી જ છે. અહીંથી હડપ્પીય મુદ્રાઓ, વજનિયાઓ (કાટલાં), હથિયારો, મણકા, સોનાનાં આભૂષણો મળ્યાં છે. એકાદ માતૃકા પણ મળી છે. છીપની એક ગોળાકાર રિંગ મળી છે. જેમાં ઉપરના ભાગમાં છ અને નીચેના ભાગમાં છ એમ ઊભા કાપા કરવામાં આવ્યા છે અને વિદ્વાનો આને પંચાંગની બાર રાશિઓના પ્રતીક અથવા નેવિગેશન કંપાસ (હોકાયંત્ર) હોવાનું તારણ કાઢે છે. તમામ સિંધુકાલીન વસાહતો વચ્ચે એક પ્રકારનું સામ્ય જોવા મળ્યું છે. તેમ છતાં પણ ધોળાવીરા સમકાલીન વસાહતો કરતાં અમુક અંશે જુદું તરી આવે છે.

(૧) સ્થાપત્યની કલાત્મકતા અહીંનું આગવું લક્ષણ છે. (૨) આ શહેર નદીકાંઠે આવેલું નથી અને તેથી જ કદાચ ખેતી તેનો મુખ્ય વ્યવસાય નહી હોય. (૩) જમીનની અંદરથી પાણી લઈ આવવાના ગરનાળા પણ અહીં જ જોવા મળે છે. (૪) સંરક્ષણની આટલી મજબૂત વ્યવસ્થા મોહેં-જો-ડેરો કે હડપ્પામાં પણ જોવા મળતી નથી. (૫) લોથલમાં મૃતદેહોને દાટવાની, એકથી વધુ મૃતદેહો ભેગા દફનાવવાની પ્રથા જોવા મળે છે. તો અહીં અગ્નિદાહ આપ્યા પછી વધેલા અવશેષોને દફનાવવામાં આવ્યા છે. (૬) તો વળી લોથલમાંથી મોટા પ્રમાણમાં સિંધુલિપિ વાળી મુદ્રાઓ મળેલ છે. જ્યારે અહીંથી જૂજ મુદ્રાઓ મળેલ છે. સિંધુલિપિમાં લખેલ મોટું બોર્ડ પણ ધોળાવીરા

સિવાય ક્યાંય જોવા મળતું નથી.

૧૯૯૧થી ૨૦૦૪ સુધી ધોળાવીરાને પોતાનું વતન બનાવી રહેલાં અને સવાયા કચ્છી બનેલા પદ્મશ્રી ડૉ. આર. એસ. બિસ્તને ધોળાવીરાનું ઉત્ખનન કાર્ય સંપન્ન થયા પછી હવે શું એ અંગે વાત કરતાં તેમણે કચ્છની વસાહતોના જતન માટે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે પંજાબ અને હરિયાણાની વસાહતો ખેતી અને ઉદ્યોગોના કારણે તબાહ થઈ ગઈ છે તેવું કચ્છમાં ન થાય એ માટે આજે વિશ્વ વારસાના દિવસે પ્રત્યેક કચ્છીએ કટીબદ્ધ બનવા સંકલ્પ કરવો જોઈએ અને સમગ્ર કચ્છ જિલ્લાને હેરિટેજ જિલ્લા તરીકે જાહેર કરવાનું મંતવ્ય વ્યક્ત કરતાં તેમણે કચ્છમાં હવે પ્રવાસન ઉદ્યોગની સાથોસાથ અન્ય ઉદ્યોગોનો પણ વિકાસ થયો છે ત્યારે આ વસાહતોની જમીન ઉદ્યોગો હડપ ન કરે તે માટે તમામ વસાહતોની જમીનને રક્ષિત જાહેર કરવી જરૂરી હોવનો અભિપ્રાય પણ તેમણે આપ્યો હતો.

શ્રી બિસ્તે ધોળાવીરાના સંદર્ભમાં દુ:ખ સાથે જણાવ્યું હતું કે, ધોળાવીરા વસાહતમાંથી મળી આવેલા ૫૯૦૦૦ જેટલા નમૂનાઓ હાલે ભારત સરકાર પાસે દિલ્હીમાં સુરક્ષિત છે તે હકીકતમાં કચ્છની જ સંપત્તિ છે અને કચ્છને જ પાછી આપવી જોઈએ અને એ માટે ભારત સરકાર અહીં આંતરરાષ્ટ્રીય કક્ષાનું સંગ્રહાલય તૈયાર કરે એવી પણ એમણે માગ કરી હતી.

હડપ્પીયન સંસ્કૃતિનો સીધો સંબંધ આપણા પ્રાચીન વેદો સાથે હોવાની વાત કરતાં ડૉ. બીસ્ત જણાવે છે કે, ઋગ્વેદમાં વર્ણવાયેલી નગરરચનાઓ ધોળાવીરાને મળતી જ આવે છે. આ પણ બતાવે છે કે, આપણી હડપ્પીયન સંસ્કૃતિ વેદકાલીન સંસ્કૃતિ સાથે સીધો સંબંધ ધરાવે છે. આપણી વેદકાલીન કલા સંસ્કૃતિના સંસ્કારો પણ હડપ્પીય નગરોમાં જોવા મળે છે.

તો પુનાની ડેક્કન કૉલેજના પૂર્વ નિયામક અને દેશના જાણીતા પુરાતત્ત્વવિદ પ્રા. ડૉ. એમ. કે. ધવલીકરે પણ આ લખનારને એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, ગુજરાત, સિંધ અને પંજાબમાંથી મળી આવેલાં હડપ્પીય નગરો પણ ધોળાવીરા જેવી જ ચાર સ્તરીય નગરરચના ધરાવે છે અને આપણા વેદોમાં કહેવાયેલી વર્ણવ્યવસ્થા સાથે તે સીધું તાદાત્મય ધરાવે છે. આમ, આપણી હડપ્પીય સંસ્કૃતિની નગરરચનામા અને કલા સંસ્કૃતિ વેદીકકાળ સાથે જોડાયેલી હોઈ આપણા દેશની સંસ્કૃતિ, કલા અને સંસ્કારનાં મૂળ હડપ્પીય સભ્યતામાં પણ જોવા મળે છે. સિંધુનું હડપ્પા અને કચ્છના ધોળાવીરાની નગર હાલના ચંડીગઢ અને ગાંધીનગરની સાથે સરખાવી શકાય.

કચ્છ અને સૌરાષ્ટ્ર સહિતની ગુજરાતની ભૂમિમાં કાચા માલની પુષ્કળ ઉપલબ્ધિ અને વિશાળ દરિયાકાંઠે વિદેશો સાથે વ્યાપાર માટે અનુકૂળ હોવાથી હડપ્પીઓએ પણ આ ધરતીને પસંદ કરીને વસાહતોનું નિર્માણ કર્યું, જેમાં ધોળાવીરા ઉપરાંત કાનમેર,

ખીરસરા, લોથલ, કુંતાસી અને નાગેશ્વર જેવાં નગરોનો સમાવેશ થાય છે. આ નગરોમાં કાચા માલનો સંગ્રહ અને રક્ષણની ખાસ વ્યવસ્થા કરવામાં આવતી, તેના આધારો આજે પણ જોવા મળે છે. ગુજરાતનાં આ નગરોને એકબીજાથી સાંકળીને પોતાની હસ્તકળાના માલનું પરિવહન સરળ બનાવવા છેક ઈજિપ્ત ઉપરાંત સિંધ, ગુજરાત અને પંજાબ સાથે વેપાર વિકસાવ્યો હતો. ઈજિપ્ત સાથે હડપ્પીયનોના સંબંધની વાત કરીએ તો ઈજિપ્તમાં મમી માટે વપરાતો ખાસ પ્રકારનો ઈન્ડિગો કલર એ સમયે માત્ર ભારતમાં જ ઉપલબ્ધ હતો અને ગુજરાતમાંથી મળી આવતી હડપ્પીયન પોટરીઓ પણ અસલ ઈજિપ્ત જેવી જ કાળી છે. વળી હડપ્પીયનો એ સમયે જે જે વિસ્તારમાં સ્થાયી થયા હતા તે સ્થળનાં વાતાવરણ અને પર્યાવરણ સાથે સમતુલન સાધીને રહેતા. હાલે મળતા આપણા બાજરા કે જુવારનું મૂળ પણ છેક હડપ્પીય કાળ સાથે જોડાયેલું છે કેમકે આ નગરોમાંથી મળતા અવશેષોમાં જુવાર, બાજરાના અવશેષો પણ મળ્યા છે અને એ સમયે જુવાર બાજરો ઈજિપ્તમાં થતો આથી એવું અનુમાન પુરાતત્ત્વવિદો કરે છે કે, આ જુવાર, બાજરો હડપ્પીયનો ઈજિપ્તથી લાવ્યા હશે.

આજ રીતે આપણી અદ્‌ભુત વાવ સંસ્કૃતિની ઓળખ પણ ધોળાવીરા જ કરાવે છે. બૌદ્ધ સ્થાપત્યમાં જોવા મળતા સ્તૂપ જેવા જ સ્તૂપ પણ ધોળાવીરામાં મળી આવ્યા છે

કચ્છના નખત્રાણા તાલુકાના ખીરસરમાં મળી આવેલા નગરના અવશેષોમાં આયોજનબદ્ધ રીતે ચણાયેલી મકાનની દીવાલો પીળા રંગના પથ્થરની છે. સાતથી આઠ ફૂટની હારબંધ દીવાલો સુધીનું કરાયેલું ઉત્ખનન કાર્ય જોતાં જ પ્રથમ નજરે જ ભવ્ય સંસ્કૃતિનો અહેસાસ જોનારાને થાય છે. ઉત્ખનન દરમિયાન વિવિધ આભૂષણો અને તેમાં ઉપયોગમાં લેવાતા મોતી મોટી સંખ્યામાં મળી આવ્યાં છે. જે અહીં વિકસેલી કલાના આધારો આપણને આપે છે. તો અહીંથી મળી આવેલા 'વેર હાઉસ' અનાજ સંગ્રહવાનો કોઠાર એ આ સ્થળની 'યુનિક' શોધ છે. અહીંની મકાન બાંધણી, ઓરડાનાં માળખાં, તત્કાલીન ગઢના ચાર ખૂણાઓ પણ ઉત્ખનન દરમિયાન મળી આવ્યા છે. અહીંથી ગોળ પીલર અને બેઝ પણ મળી આવ્યા છે.

કુશળ વેપારી એવા હડપ્પીઓએ લોથલમાં પોતાનું માલ ઉત્પાદન કેન્દ્ર સ્થાપ્યું હતું અને અન્ય નાના ખીરસરા જેવાં નગરોમાં તેના સંગ્રહની વ્યવસ્થા કરી હતી. તેના રક્ષણ માટે આ નગરોને કિલ્લેબંધ કરી સુરક્ષાની ખાસ વ્યવસ્થા કરી હતી અને ખાસ વૉચ ટાવર પણ બનાવ્યા હતા. આવા વૉચ ટાવર કુંતાસીમાંથી મળી આવ્યું છે. તો કિલ્લેબંધી તો મોટા ભાગનાં હડપ્પીય નગરોમાં જોવા મળે છે. આમ, આપણી વ્યાપારી સંસ્કૃતિ અને કુનેહતાના મૂળ પણ હડપ્પીય સંસ્કૃતિમાંથી ઊતરી આવ્યાં છે.

કચ્છના ઉત્તર પૂર્વે કિનારે આવેલો ટીંબો એટલે રાપર તાલુકાનું શિકારપુર સામખિયાળીથી ૧૯ કિ.મી. દૂર હાઈવે પર આવેલો છે. અકીક, કાર્નેલિયમ, સ્ટીએરાઈટ પેસ્ટમાંથી બનેલા અસંખ્ય મણકા તેમાં કાણું પાડવા માટેની શારડીઓ, સુંદર ચિતરામણ કરેલાં વાસણો, રમકડાં ગાડી, વૃષભ અહીંથી મળ્યા છે. સૌથી રસપ્રદ ઉપલબ્ધિ સ્વસ્તિકના ચિહ્નવાળું લૉકેટ છે. આ તમામ અવશેષો આપણી પ્રવર્તમાન કલા સંસ્કૃતિનાં મૂળ સમાન છે.

કચ્છના રણકાંધીના પ્રખ્યાત કાળા ડુંગરની ગોદમાં આવેલ કુરન ગામની સીમામાં 'શહીદોના ગડ' તરીકે જાણીતા વિસ્તારમાં સરસ્વતીની શોધ માટે આરંભિક ઉત્ખનન દરમિયાન જ આ સ્થળમાં રહેલા હડપ્પીય સભ્યતાનાં અનેક પ્રમાણો મળવાનું શરૂ થયું. અહીંથી માટીનાં પાત્રો, ઘરેણાં, માટીનાં અવશેષો, વાસણો, ગટરની પાકી નહેર અને ત્રણ પ્રકારના કિલ્લાઓથી રક્ષિત વસાહતો મળી આવે છે. ૪૧૦-૩૫૦ મીટરના વિસ્તારમાં આઉટર ફોર્ટીફિકેશન વોલ (કિલ્લેબંધ) વિસ્તારમાં પથરાયેલ આ સ્થળના ૨૨૫-૨૨૦ મીટરના વિસ્તારમાં રાજભવન આવેલ છે. આ ઉપરાંત લોઅર ટાઉન આવ્યું છે.

કુરન વિસ્તારમાં જોવા મળ્યું છે કે મોટી ઉંમરની વ્યક્તિને રાજભવનની નજીક દફનાવવામાં આવી છે. સંશોધન દરમ્યાન વધુ એક નવીનતા એ પણ જોવા મળી છે કે કાળા ડુંગરમાંથી એક વહેણ બહાર નીકળી કિલ્લાને સમાંતર વહી પૂર્વ તરફના ભાગને અડકે છે. આ વહેણની પૂર્વ તરફ વસાહત હોવાના સગડ મળે છે. જ્યારે પશ્ચિમ બાજુ સ્મશાનનાં નિશાનો મળે છે. જે સૂચવે છે કે અહીંના નગરજનો પોતાના નિવાસસ્થાનથી દૂર મૃતદેહના અંતિમસંસ્કાર કરતા હશે.

માટીનાં પાત્રોમાં કરવામાં આવેલ કરવામાં આવેલ વિવિધ રંગકામ અહીંના વસાહતીઓની કલાસૂઝનાં દર્શન કરાવે છે. તો સ્મશાન પાસેથી મળતાં માટીનાં પાત્રોમાં માત્ર કાળો અને સફેદ રંગ મૃતદેહ પ્રત્યે તેઓ માનની લાગણી ધરાવતા હતા તેવું સૂચવે છે.

કચ્છના પ્રાચીન વાગડ વિસ્તારમાંથી ખનન કાર્યના આરંભમાં જ એક સુંદર નગરરચના ધરાવતું નગર રાપર તાલુકાના કાનમેર ગામ નજીક આવેલી ટેકરી પર ધરબાયેલું રહ્યું છે. અહીંથી ૧૫૦-૧૫૦ મીટરના વિસ્તારમાં ૧૭ મીટર લાંબી અને ૧૧ મીટર ઊંચી દીવાલ મળી આવેલ છે. તે જોતાં સુરક્ષાના મજબૂત કવચથી આ નગર રક્ષિત હશે એવું અનુમાન કરી શકાય છે. ડૉ. એમ. કે. ધવલીકરના અનુમાન મુજબ આ નગર એક કેમ્પ હશે કારણકે અક નગરમાં એક જ સામૂહિક રસોડાના અવશેષો મળ્યા છે. નગરની અંદર મકાનો તથા માર્ગો પણ દેખાય છે. ખંભાતથી મળતા મોતી જેવા જ મોતી પણ અહીંથી મળી આવતાં આ કાર્ય માટે ખંભાતથી ખાસ મોતીકામના નિષ્ણાત કારીગરો પાસેથી વધુ જતનથી ખનન કરવાનું વિચારાયું છે.

કાનમેરનું આ હડપ્પાકાલીન નગર એક સમયે દરિયાથી વધુ નજીક હોવાની સંભાવના છે અને જે તે સમયે તે એક મોટું વ્યાપારી મથક હોવાની સંભાવના છે. કારણકે તેનાં પ્રમાણો પણ અહીંથી મળી આવ્યાં છે. અહીંથી છેલ્લે ગત વર્ષે કરાયેલાં સંશોધન દરમિયાન ગોળ માટીના મણકા મળી આવ્યા છે જેનો ઉપયોગ અહીંના વ્યાપારીઓ ઓળખપત્ર તરીકે કરતા હોવાની સંભાવના સંશોધન ઈન્ચાર્જ કે. પી. સિંઘે વ્યક્ત કરી છે.

રાપર તાલુકાના સુવઈ ગામની નજીક શિકારપુર ખાતેથી પ્રારંભિક કાળમાં કાચા લાકડાંનાં અને પાછળથી પથ્થરનાં બનાવેલાં રહેઠાણો અહીંથી મળ્યાં છે. એક શિંગી પ્રાણી મુદ્રા મળી છે. જેમાં હડપ્પન લિપિમાં લખાણ છે. અકિકના મણકા, શંખની બંગડીઓ, તાંબા અને કાંસાની બંગડીઓ તેમ જ ઉત્કૃષ્ટ પ્રકારનાં વાસણો મળ્યાં છે. જે તે સમયની કલાસૂઝની ઓળખ છે.

માંડવી તાલુકામાં માંડવીથી ૪-૫ કિ.મી. દૂર વસેલું એક ગામ છે. જ્યાંથી જાણીતા હૃદયરોગ નિષ્ણાત અને પુરાતત્ત્વ રસિક ડૉ. પુલિનભાઈ વસાને પૂર્વ હડપ્પાકાળથી કરી આજ દિવસ સુધીના વિવિધ માનવવસવાટના પુરાવાઓ મળ્યા છે. પકવેલી માટીનો સિંધુકાલીન વૃષભ, પક્ષીનું માથું, પકવેલી માટીના મણકા, શંખનાં ઘરેણાં, મુદ્રા, અર્ધ કિંમતી પથ્થરના મણકા અને વાસણો મળ્યાં છે. ૮ પહોળી અને ૫ ઊંચી પકવેલી માટીની અનાજ ભરવાની કોઠી સિંધુકાલીન માટી કામનો ઉત્તમ નમૂનો છે.

કચ્છના પશ્ચિમ છેવાડે ખીરસરા અને દેશલપર (ગુંતલી) પછી નખત્રાણા તાલુકાના ભડલી નજીકના કોટડા (થરાવડા)માંથી પણ હડપ્પીય વસાહત મળી આવી. અહીંથી ૧૫ મીટર લાંબા વિસ્તારમાં ૫ મીટર પહોળી અને ચાર મીટર ઊંચી દીવાલ શોધી કઢાઈ છે. આ હડપ્પીય વસાહતમાં નવ ખંડો પણ મળી આવ્યા છે. જે પૈકીના ત્રણ ખંડોમાં પ્લૅટફૉર્મ પણ છે આથી આ ખંડો વર્કશોપ હશે એવું અનુમાન કરવામાં આવે છે. અહીંથી તાંબાનાં પાત્રો, તાંબું ગાળવાની ભઠ્ઠીના અવશેષો પણ મળી આવ્યા છે. આ વસાહતમાંથી માછલી પકડવાની જાળ, જુવાર તથા બાજરાના અવશેષો પણ મળી આવ્યા છે. સિંધથી ધોળાવીરા જતા વસાહતીઓ આ સ્થાને વિશ્રામ લેતા હશે એવું પણ અનુમાન સંશોધકો કરે છે.

આમ, કચ્છમાં થયેલા પુરાતત્ત્વીય ઉત્ખનન અને સંશોધન થકી મળેલ આપણી પાંચ હજાર વર્ષ પ્રાચીન સંસ્કૃતિનો સંસ્કાર વારસો આજે પણ કચ્છના લોકસંસ્કારમાં, લોકમાનસમાં, બન્નીના ઘર પરની ડિઝાઈનોમાં, સ્વસ્તિક, માતૃપૂજા, વૃક્ષપૂજા, ગૌપૂજા શિવપૂજા વગેરેમાં સચવાયેલો જોઈ શકાય છે, પરંતુ આ મૂર્ત અવશેષોને જાળવવા એ નૈતિક ફરજ અને જવાબદારી છે. દુનિયાના તમામ દેશોએ પોતાની અસ્મિતા જાળવી રાખવાના પ્રયત્નો કર્યા છે ત્યારે આપણે પણ આપણી સંસ્કૃતિને જીવંત કટીબદ્ધ થઈએ કારણકે, સંસ્કૃતિ એ સંસ્કાર છે અને સંસ્કાર છે તો આપણે છીએ.

**નરેશ અંતાણી**

# વેદથી વેદ, વાયા વેબ

વિશેષ આભાર

'જો તો, કદાચ ડોરબેલ વાગે છે' મેં કહ્યું... બારણું ખોલ્યું તો કોઈ નહિ! આવું બે-ચાર વખત થયું પછી ખયાલ આવ્યો કે ઓહો, ડૉરબેલ નથી વાગતી, આ તો મોબાઈલ રણકે છે! જુઓ તો ખરા, એસ.એમ.એસ, વ્હોટસેપ્ ઈન્સ્ટાગ્રામ, એફ.બી. અને ટ્વીટર્ રાફડો ફાટ્યો છે ને જાણે! 'કરાગ્રે વસતે લક્ષ્મી'નું સ્થાન મોબાઈલની કીએ લઈ લીધું છે. રાત્રે સૂઈ ગયા ને સવારમાં તો હાથજાણે રહી ગયા તેમ હાથ તરત મોબાઈલ શોધે છે. ક્યારેક ક્યારેક તો ઘરમાં આખો પરિવાર મોબાઈલ મગ્ન થઈ ગયેલો જોવા મળે. કોઈ કોઈ વિરલાઓએ તો ટેકનૉલૉજીને જીવન સમર્પિત કરી દીધું છે! અત્યંત વ્યસ્ત લોકો તો ફલાઈટમાં પણ લેપટોપમાં ગૂંથાયેલા જોવા મળે છે. ટી.વી. (હવે તો એ પણ 'સ્માર્ટ' બનવા લાગ્યા છે!) લેપટોપ, આઈપેડ, પી.સી. ટેબલેટ એ તો વળી વધારામાં. એક સમય હતો કે માણસ પાસે અખબાર અને રેડીઓ હતા. પોસ્ટ કાર્ડની રાહ જોવામાં કેવી મજા પડતી! અને આજે આ અચાનક શું થવા લાગ્યું છે?

માહિતીનો વિસ્ફોટ એટલે બદલાયેલી ટેકનૉલૉજી. સમય બદલાયો છે અને માણસ પણ બદલાયો છે. આ સ્વાભાવિક છે. ડિજિટલ યુગને નકારી શકાય તેમ નથી. જરૂર પણ નથી કારણકે ઉપયોગી શોધ છે, પરંતુ થોડું થોભીને જોઈએ તો અતિરેક નથી લાગતો? એ ઘડી આવી છે કે આ અતિરેક પર વિચાર કરીએ. **મોરારિબાપુનું એક સૂત્ર ગમે છે, 'માણસ ગમે તેટલો આગળ વધે, તેણે તેનું મૂળ ન ભૂલવું.' એમની પાસે રહું છું અને કાર્યરત છું એટલે એમની વાતો નજીક પડે છે. ગમે પણ છે. એમણે કહ્યું છે કે 'જે માણસ મૂળ સાથે જોડાયેલો રહેશે તે જ રોજ નવાં નવાં ફૂલ ખીલવી શકશે.'** આ સૂત્ર વિચાર માગે છે. આર્ય પ્રજાનો આદિ ગ્રંથ એ વેદ. આપણા ભારતીય વંશના લોકોનું મૂળ વેદોમાં ધરબાયેલું છે. મૂળનો એક અર્થ એ સમજાય છે કે શાશ્વત જીવન મૂલ્યો. એનાં ફૂલ ખિલવવાનાં છે. વેદ...કેટલો પવિત્ર શબ્દ! મેં પણ ભગવદ્ગોમંડલની ઑનલાઈન સુવિધાની મદદ લઈ 'વેદ' શબ્દને જોયો. અનેક અર્થોમાંથી વેદ શબ્દનો એક અર્થ છે 'જાણવું.' હવે અહીં સ્પષ્ટતાપૂર્વક અને નમ્રતાપૂર્વક કહીશ કે વેદોમાં મારો કોઈ પ્રવેશ નથી અને આ વાક્ય દાદ કોઈ મેળવવાના હેતુથી નથી કહેતો, જે છે તે; એમ ને એમ કહું છું. કારણકે શાસ્ત્રમાં પ્રવેશ વિના અને અભ્યાસ વિના કેવળ વાતો કરીએ તો તે કૉમ્યુનિકેટ ન થાય. એથી ઋચાઓ, શ્લોકો ટાંકીને વાત નહીં કરું. એ તો કોઈ નરસૈંયો ગાઈ શકે કે,

વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે,
કનક કુંડલ વિષે ભેદ ન હોયે;
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોય...
અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ.

વેદનો એક અર્થ છે જાણવું, પણ શું જાણવું? આજકાલનાં માહિતીયુગમાં આનો સમયસર વિચાર કરી લેવા જેવો છે. ટેકનૉલૉજીના વિકાસને કારણે જે સાધનો આપણી પાસે આજે છે તેમાં મહદ અંશે તો

માહિતીનું આદાનપ્રદાન છે. વ્યસ્થારૂપે ઉપયોગી છે. અલબત્ત, પરંતુ આપણે તો શ્વાસોચ્છ્વાસ લેનારાં, ચેતનાથી સભર માનવીઓ છીએ. અન્ય યોનિઓથી ચડિયાતાં છીએ. જીવનની ભેટ કોણે કરી, શા માટે કરી તેનો જવાબ શોધી કોઈ ગંતવ્ય નિર્ધારિત કરવાનું આપણું લક્ષ્ય હોઈ શકે. માહિતી અને અધ્યાત્મ, આમાં ફેર છે દોસ્તો. ટેકનૉલૉજીની મદદથી કોઈ વિષયમાં ઉપરછલો પ્રવેશ શક્ય છે, પણ આપણે તો અગાધ સાગરમાં ડૂબી જવું છે. ફરીને નરસૈંયો બોલી ઊઠે છે 'પ્રેમ રસ પા ને તું મોરનાં પિચ્છધર, તત્ત્વનું ટુંપણું તુચ્છ લાગે...' તત્ત્વજ્ઞાન પણ જો શુષ્ક બને તો વેબની સ્થિતિ શું હોઈ શકે? રુચિ અનુસાર માર્ગ શોધી પરમની પ્રાપ્તિ કરવી તે જ આપણા હોવાનો અર્થ હોઈ શકે. જીવનરૂપી બહુમૂલ્ય ઉપહાર આપણને શા માટે મળ્યો અને જે મળ્યું છે તેની ખોજ એટલે વેદમાં પ્રવેશ. આપણું હોવું એ કોઈ અકસ્માત તો નથી. તો આ ઘટના કેમ બની? શું પ્રાપ્ત કરવાનું છે? તેની ખોજ એટલે જ્ઞાનનો આરંભ.

વેદ એટલે જાણવું તો સામે પક્ષે વેબ એટલે જાળું! માહિતીઓનું જાળું એટલે વેબની દુનિયા. અધૂરામાં પૂરું હોય તેમ સોશિઅલ મીડિયા નામનું નવું ભૂત વળગ્યું છે. આપણને આપણી જાતથી દૂર કરવાનો કેવો ચાલાકીભર્યો ઉપાય! કરોળિયો જેમ પોતે ન ગૂંચવાય તેમ આપણે પણ... એટલે આ તો આપણને ખૂબ ફાવે. કેટલો સમય જાય છે તેનો આપણને ખ્યાલ જ નથી રહેતો. સોશિયલ મીડિયામાં મોટા ભાગે તો ઈધર કા માલ ઉધર ચાલતું રહે છે. રોજ રોજ આપણા પર અનેક વિષયોની માહિતીઓનો પ્રહાર કરવામાં આવે છે. ગૂંચવાઈ ન જઈએ તો જ નવાઈ. પહેલાં તો સાંજ પડતી તેની ખબર રહેતી. હવે તો કમાવા પાછળ ક્યારે દિવસ ઊગ્યો ને ક્યારે રાત પડી તેની ખબર નથી રહેતી. એમાં આવી વેબની દુનિયા! એથી એનો ઈનકાર નથી, પણ તેની ઉપયોગિતાને ક્યાં અને કેટલી બ્રેક મારવી તે જોવું પડે તેમ છે. આ બધાં ઉપકરણો હોવા છતાં પછી પણ જવાનું ક્યાં? એવો પ્રશ્ન આપણે કરીએ, કરતાં થઈએ. જાણવું અને માણવું આ બે અલગ સ્થિતિ છે. ઈન્ફૉર્મેશનથી પ્રભાવ ઊભો કરી શકીએ કદાચ, જ્યારે જ્ઞાનથી એક ઉત્તમ સ્વભાવ ઊભો કરી શકીએ. ખોટ તો આજે ઉત્તમ મનુષ્યતાની જ છે ને? સાચુકલા માણસો ક્યાં? ઉપકરણો આપણા દંભને ઢાંકે છે ને પોષે પણ છે. બાપુના જીવનને નજીકથી જોવાનું સદ્ભાગ્ય મળ્યું છે. તેમના જીવનવ્યવહારના કેન્દ્રમાં જોઉં તો પ્રેમ દેખાય છે, અનુભવાય છે! નિર્વ્યાજ અને અપેક્ષારહિત પ્રેમ. શાસ્ત્રો પરસ્પરને પ્રેમ કરતાં શીખવશે. વેદને, શાસ્ત્રોને જીવતા શીખેલાં એવાં માનવીય તત્ત્વો આ શીખવશે. આપણને બધી બાબતનું વેબીકરણ કરવાની ટેવ પડવા લાગી છે. અનેક પરિપ્રેક્ષ્યમાં વિકલાંગ થયું છે એવા વિશ્વને હૂંફની જરૂર છે, પ્રેમની જરૂર છે. ખૂબ જરૂર છે, તાતી જરૂર છે. કોણ આ આપી શકશે? વેદથી વેદની યાત્રા વેબ દ્વારા પણ થઈ શકે છે. વેબ દ્વારા જે વેદમાં પ્રવેશી શકશે તે આ કામ કરી શકશે.

**જયદેવ માંકડ**

# 'વેદથી વેબ સુધી

વેદ અને વેબ એક છેડે ved અને બીજે છેડે web પ્રાગૈતિહાસિક કાળથી વર્તમાન અને ભવિષ્ય સુધીની સફર. વેદથી વેબની આ સફર પર દૃષ્ટિપાત કરતાં જ ક્યાંના ક્યાંય નીકળી જવાય.

કરોડો વર્ષો પૂર્વે જ્યારે માનવે વન્યજીવનમાંથી સમૂહજીવનમાં પ્રવેશ કર્યો હશે ત્યારથી જ તેને આવા સમૂહજીવનને નિયમિત કરવાની જરૂરિયાત સમજાઈ હશે. વળી સમૂહજીવનમાં થતા અનુભવોએ તેને વિવિધ અને વિશિષ્ટ જ્ઞાન પણ આપ્યું હશે. સ્મૃતિ અને શ્રુતિના સંયોગ અને સહયોગ દ્વારા યુગોથી થતા રહેલા આ જ્ઞાનસંગ્રહનો નિચોડ આપણને ''વેદ''માં અમૂલ્ય વારસારૂપે મળ્યો છે. પ્રાગૈતિહાસિક કાળનો એ માનવજાત પર સૌથી મોટો આશીર્વાદ ગણીએ તેમાં અતિશયોક્તિ નથી.

અનાદિકાળથી માનવ ''ધર્મ''નો અર્થ પામવા મથતો રહ્યો છે. આ મંથને માનવને વિવિધ દિશાઓમાં ભટકાવ્યો છે અને મોટે ભાગે 'લટકાવ્યો' જ છે. આનું કારણ ઊડીને આંખે વળગે તેવું છે કે માનવીએ 'સ્વ'-self-ને ઓળખવાનો પ્રયત્ન ન્યૂનતમ કર્યો છે. માનવીને 'સ્વ'ને ઓળખવાના પ્રયાસમાં તેનો પોતાનો જ 'સ્વ' - ego - અંતરાય બને છે. વેદ માનવીને તેના આ અંતરાયને ઓળંગીને આ સૃષ્ટિકારના પરમસત્ય (Eternal Truth) - 'પરમતત્ત્વ' - તરફ દોરે છે.

'ધર્મ' શબ્દની આગળ કોઈ પણ નામ ઉમેરવાથી મળતું પરિણામ તો માનવીને સૃષ્ટિકારનાં આ પરમસત્ય - પરમતત્ત્વ-થી દૂર જ લઈ જાય છે અને ધર્મને નામે રહે છે ફક્ત વાદવિવાદો. ઈતિહાસના વિવિધ તબક્કે જગતભરના મહાપુરુષોએ સિંચેલ જ્ઞાનને તેમના અનુયાયીઓ દ્વારા વિવિધ ધર્મ તરીકે ઓળખાવાયું છે, પરંતુ આ જ્ઞાનમાં નાનીશી ડૂબકી લગાવતાં જ તાદશ થાય છે કે ખરેખર તો એ મહાપુરુષોનો અંગુલીનિર્દેશ તો એ જ પરમસત્ય તરફ જ છે. આમ છતાં પણ આ જ્ઞાનના વ્યક્તિલક્ષી ઉપયોગથી જ અનેક નામે ધર્મો તથા તેમના વિષેના વાદવિવાદો પ્રચલિત બને છે, કારણકે અનુયાયીઓ દ્વારા આ જ્ઞાનનો ઉપયોગ 'સ્વ'ને બદલે 'સ્વાર્થ'ને પ્રાધાન્ય આપવા માટે વધારે કરાતો હોય છે. વેદ માનવીને આવા સ્વાર્થના અંધકારમાંથી પરમસત્યની દિવ્ય ઉજ્જવળતા તરફ દોરે છે. '**तमसोमा ज्योतिर गमय**' - એ જ વેદજ્ઞાનનો ઉદ્દેશ છે.

વેદોની ભાષા ધાર્મિક જરૂર છે, પરંતુ અહીં ઉપદેશ કોઈ વૈયક્તિક ધાર્મિક સંકુચિતતા કરતાં ફક્ત 'માનવધર્મ'ની વિશાળતાનો છે. આમ વેદ એટલે ved = V.E.D. = virtual Eternal Divinity, સાક્ષાત શાશ્વત દિવ્યતા તરફ દોરી જતું જ્ઞાન. આ શાશ્વત દિવ્યતાનો સાક્ષાત્કાર જ પરમસત્ય. - 'ધર્મ'. સ્વાર્થના અજ્ઞાનના અંધકારમાંથી દિવ્ય જ્ઞાનના ઉજ્જવળ પ્રકાશ તરફની ગતિ એટલે જ 'ધર્મ', એ જ વેદજ્ઞાન. આવો સાક્ષાત્કાર થાય પછી વૈયક્તિક નામધારી ધર્મની કોઈ જરૂર ખરી?

નરસિંહ મહેતાએ ખરું જ કહ્યું છે કે :

''વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ સાથ દે, કનક કુંડળ વિષે ભેદ ન હોયે,

ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.''

વિજ્ઞાનના આ યુગમાં માનવીએ અજ્ઞાનથી જ્ઞાન તરફની આ સફર ચાલુ જ રાખવી અનિવાર્ય છે. બાળપણમાં માતાના ખોળે મળતાં જ્ઞાનથી શરૂઆત

કરી, કિશોરાવસ્થાએ યોગ્ય શિક્ષકો પાસેથી વિવિધ વિષયોનું જ્ઞાન મેળવી, જીવનને ઉત્તરોત્તર ઉચ્ચતર જ્ઞાન તરફની માનવીની આ વણથંભી સફરનું એક મહત્ત્વનું સાથી બની રહે છે વેબ -world wide web કે The web.

વેબની શોધ ઈ.સ. ૧૯૮૯માં એક અંગ્રેજ અન્વેષક સર ટિમ બર્નર્સ-લી દ્વારા સ્વીટ્ઝર્લૅન્ડમાં કરવામાં આવી. જગતભરનાં અનેક કૉમ્પ્યુટરો એકમેક સાથે, એક સર્વસામાન્ય માધ્યમથી જોડાઈને પોતાની પાસે રહેલી માહિતી અરસપરસ આપ-લે કરી શકે તેવી વ્યવસ્થા દ્વારા રચાતી માહિતી-શૃંખલા એટલે વેબ. આમ વેબ એટલે વિશ્વજ્ઞાનકોષ અથવા વિશ્વલાઈબ્રેરી, જેનો ઉપયોગ ઈન્ટરનેટ મારફતે યથેચ્છ રીતે થઈ શકે છે, પરંતુ વેબ અને ઈન્ટરનેટ બંને એક નથી કે અન્યોના પર્યાય નથી. વેબ માહિતી-શૃંખલા, વિશ્વજ્ઞાનકોષ અથવા વિશ્વલાઈબ્રેરી છે, તો ઈન્ટરનેટ તેનું એકમાત્ર પ્રવેશદ્વાર છે. ઈન્ટરનેટના માધ્યમ વિના વેબમાં પ્રવેશી શકાય નહીં.

વ્યક્તિગત જરૂરિયાત મુજબ કોઈ પણ માહિતી મેળવવી હોય - પછી તે અભ્યાસને લગતી હોય, શોખને લગતી હોય કે કોઈ અન્ય ઉદ્દેશને લગતી હોય તે તમામ માહિતી વેબ પર ઉપલબ્ધ હોય જ. જેમ કોઈ પુસ્તકાલયમાં આપણે ગમતું કે જોઈતું પુસ્તક શોધીએ કે શબ્દકોશમાંથી કોઈ શબ્દનો અર્થ શોધીએ તેમ જ વેબ પરથી જરૂરી માહિતી શોધી શકાય છે. કોઈ પણ અજાણી ભાષાઓનાં ભાષાંતર દ્વારા તેમાં રહેલ માહિતી પણ પ્રાપ્ત કરી શકાય છે. વેદની જેમ જ વેબમાં પણ 'શું છે' કરતાં 'શું નથી' તે શોધવું ખૂબ અઘરું છે. આમ વેબ એ એક એવી અવિરત માહિતી-શૃંખલા છે જે સદા વ્યક્તિની જ્ઞાનપિપાસા સંતોષતી રહેવા સમર્થ છે.

વેબના આવિષ્કારથી વિશ્વ વ્યક્તિની સાવ સમીપ આવી ગયું છે. વિજ્ઞાન અને ટેકનૉલૉજીની હરણફાળના આ યુગમાં વ્યક્તિની જ્ઞાનપિપાસા સંતોષવા હવે કોઈ સ્થળ-કાળનાં બંધનો નથી રહ્યાં, હવે એ યુગ નથી રહ્યો કે કોઈ દુર્ગમ સ્થળે વસતા માનવીને જ્ઞાનથી વંચિત રહેવું પડે. એવું કોઈ દુર્ગમ સ્થળ ભાગ્યેજ હશે જ્યાંથી વેબ અપ્રાપ્ય હશે. કારણકે ઈન્ટરનેટને હવે કોઈ પણ બંધનો નડતાં નથી. હવે દુર્ગમ ગામડામાં વસતા વિદ્યાર્થીએ અનેક મુશ્કેલીઓ વેઠી ઉચ્ચ અભ્યાસ માટે દૂરનાં સ્થળે ખર્ચાળ વસવાટ કરવાની આવશ્યક્તા નથી, તે પોતાનાં ઘરમાંથી જ પોતાને અનૂકૂળ સમયે વેબ પરથી વિશ્વભરનું અમાપ જ્ઞાન મેળવી પોતાનું ઉજજવળ ભવિષ્ય ઘડી શકે છે.

વેદ **'વસુધૈવ કુટુમ્બકમ'**નો આદર્શ વિચાર આપે છે. સમગ્ર પૃથ્વી એક કુટુંબ છે એ વેદભાવના છે. જેથી વ્યક્તિ સર્વ વિવાદોથી પર રહી, જ્ઞાન અને સત્યના સંવાદી પ્રવાહમાં વહી જીવનસાફલ્ય પ્રાપ્ત કરે. 'સહના ભવતુ, સહનૌ ભુનક્તુ, સહવિર્યમ કરવાવહૈ ...તેજસ્વીના વિધિતમસ્તુ, મા કસ્ચિદ વિદ્વિષાવહે' - વેદની આ આદર્શ ભાવનાને મૂર્તિમંત કરવામાં વેબ અતિમહત્ત્વનો ભાગ ભજવે છે, કારણકે વેબ એ સામૂહિકતાનું માધ્યમ છે.

વેદથી શરૂ થતી આ જ્ઞાનની સફર વેબથી પૂરી નથી થતી. વેબ આ સફરમાં એક વિશેષ પરિમાણ ઉમેરે છે. તેને એક વેગવંતી ગતિ પ્રદાન કરે છે. ખરેખર માનવ-ઈતિહાસના વર્તમાનમાં વેબ વેદનું પૂરક બની રહે છે અને ભવિષ્યમાં પણ બની રહેશે એ નિર્વિવાદ છે. વેદ એ ધર્મનાં પરિપ્રેક્ષ્યમાં જ્ઞાનનું સંકલન છે જ્યારે વેબ એ વિજ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં જ્ઞાનનું સંકલન છે. આથી માનવજાત પર પ્રાગૈતિહાસિક કાળનો સૌથી મોટો આશીર્વાદ 'વેદ'. તો સાંપ્રત કાળનો આશીર્વાદ 'વેબ' ગણીએ તેમાં કશી જ અતિશયોક્તિ નથી.

**ભારવી વૈદ્ય**

કોઇ પાડતું કેડી તેપર કોઇ ચરણ દઇ ચાલે
પૂર્વ દિશાનું પરોઢ જઇને પશ્ચિમને અજવાળે

– બકુલ રાવલ

સ્વ. શ્રી નવલશંકર રવિશંકર ઝાલા
સ્વ. શ્રી દલપતરાય દોલતરાય અંજારિયા
સ્વ. શ્રી ગુલાબરાય શંભુશંકર માંકડ
સ્વ. શ્રી મણિલાલ નવલશંકર બૂચ
સ્વ. શ્રી મંજુલાલ બળવંતરાય વસાવડા
સ્વ. શ્રી નવલશંકર વ્રજલાલ ઢેબર
સ્વ. શ્રી રતિશંકર ગિરજાશંકર ઓઝા
સ્વ. શ્રી અમૃતલાલ જટાશંકર બુચ
સ્વ. શ્રી નયનસુખલાલ હરિલાલ પંડ્યા
સ્વ. શ્રી હિંમતલાલ ગણેશજી અંજારિયા

**શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઇના આદ્ય સ્થાપકોને
અંતઃકરણપૂર્વક વંદન**

સ્થાપનાઃ ગણેશચતુર્થી સંવત ૧૯૬૪ ૩૦મી ઓગસ્ટ, ૧૯૦૮

पुरुष एव इदं सर्वं यद् भूतं यच्च भव्यम्।
उतामृतत्वस्य ईशानो यद् अन्नेन अतिरोहति।।

पुरुष, ऋक्. 10.90.2

આ સૃષ્ટિમાં અત્યારે જે વિદ્યમાન છે, અત્યાર સુધી જે થઇ ચૂક્યું છે તે અને હવે ભવિષ્યમાં પણ જે થવાનું છે એ બધુંજ પુરુષ (પરમાત્મા) છે. આ પુરુષ એ અમરત્વનો પણ સ્વામી છે જે આ દૃષ્યમાન ભૌતિક જગતને પેલે પાર છે.

**BOOK POST**
**DROP**

From,
**Shree Vadnagara Nagar Mandal,** Mumbai
C/O *Kamlesh S. Vohra* ; 1502, Tulsibaug CHS, Ramdas Sutrale Marg,
Opp. ICICI Bank, Borivali (W), Mumbai 400092
email : vnmmumbai@yahoo.co.in • www.shrivadnagaranagar.org